RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 229 Dt. 04-03-2025 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં રાજકોટ મિરર મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# એશિયાટિક સાવજોની વસ્તી ગણતરી મે મહિનામાં : મોદી



### જૂનાગઢમાં નેશનલ રેફરલ સેન્ટર-વાઈલ્ડલાઈફનો શિલાન્યાસ કર્યો, સાથે કોઈમ્બતુરમાં માનવ-વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન માટે રેફરલ સેન્ટર સ્થાપવાની જાહેરાત કરી

રાજકોટ, તા. ૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL)ની ૭મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. વિશ્વ વન્યજીવ દિવસ નિમિત્તે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન, વડા પ્રધાન મોદીએ જાહેરાત કરી હતી કે ૧૬મી એશિયાટિક સિંહની વસ્તીનું મૂલ્યાંકન મે મહિનામાં હાથ ધરવામાં આવશે.વડાપ્રધાને જૂનાગઢમાં નેશનલ રેફરલ સેન્ટર-વાઈલ્ડલાઈફનો શિલાન્યાસ કર્યો હતો અને રિવર ડોલ્ફિન પરના પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. વધુમાં, તેમણે તમિલનાડુના કોઈમ્બતુરમાં માનવ-વન્યજીવન સંઘર્ષ વ્યવસ્થાપન માટે રેફરલ સેન્ટર સ્થાપવાની જાહેરાત કરી.

આ પહેલા વડાપ્રધાન મોદીએ ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં સ્થિત ગીર નેશનલ પાર્કમાં લાયન સફારીની મજા માણી હતી. આ મુલાકાતમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને અન્ય ગઈઠક સભ્યો પણ હાજર હતા વડાપ્રધાન મોદીએ 'ડ' પર એક પોસ્ટમાં કહ્યું કે એશિયાટિક સિંહની વસ્તી વધી છે, અને આમાં આસપાસના વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ અને મહિલાઓનું યોગદાન પ્રશંસનીય છે. તેમણે કહ્યું, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના મારા સમયની ઘણી યાદો તાજી થઈ ગઈ.

કેન્દ્ર સરકારે એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન હેઠળ રૂ. ૨,૯૦૦ કરોડથી વધુની રકમ મંજૂર કરી છે. એશિયાટીક સિંહો માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે અને હાલમાં તેઓ રાજ્યના નવ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં આશરે ૩૦,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં વસવાટ કરે છે અને ૨૦.૨૪ હેક્ટર જમીનમાં નેશનલ રેફરલ સેન્ટરની સ્થાપના સાથે જૂનાગઢ જિલ્લાના નવા પીપળ્યા ખાતે આધુનિક હોસ્પિટલ પણ બનાવવામાં આવી છે. પીએમ મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન, તેમણે ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી અને જામનગરમાં રિલાયન્સ રિફાઈનરી સ્થિત વંતરા વાઈલ્ડલાઈફ સેન્ટરની મુલાકાત લીધી હતી.

મીટિંગ દરમિયાન, મોદીએ દેશમાં પ્રથમ વખત કરવામાં આવેલ નદી ડોલ્ફિન અંદાજનો અહેવાલ રજૂ કર્યો, જેમાં કુલ ૬,૩૨૭ ડોલ્ફિનનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. તેમાં ૮ રાજ્યોમાં ૨૮ નદીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં ૮,૫૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપવા માટે ૩૧૫૦ દિવસ ફાળવવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ સંખ્યા નોંધાઈ છે, ત્યારબાદ બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામ છે.

### પ્રોજેક્ટ લાયન માટે રૂ. ૨૯૦૦ કરોડની મંજૂરી

વડા પ્રધાન NBWLના હોદ્દેદાર અધ્યક્ષ છે અને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન પ્રધાન બોર્ડના ઉપાધ્યક્ષ છે. તેમણે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'એશિયાટિક સિંહોના નિવાસસ્થાનને બચાવવામાં આદિવાસી સમુદાયો અને આસપાસના વિસ્તારોની મહિલાઓની ભૂમિકા પણ એટલી જ પ્રશંસનીય છે.' પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં વાઘ, ચિત્તા, ગેંડાની વસ્તીમાં પણ વધારો થયો છે, જે દર્શાવે છે કે આપણે વન્યજીવોની કેટલી ઊંડી પ્રશંસા કરીએ છીએ.

### વન્યજીવન ટ્રેકિંગ માટે મોનિટરિંગ સેન્ટરની સ્થાપના

''સંરક્ષણ પ્રયાસોને મજબૂત કરવાના ઉદ્ધેશ્ય સાથે, સાસણ ખાતે વાઈલ્ડલાઈફ ટ્રેકિંગ માટે હાઈ-ટેક મોનિટરિંગ સેન્ટર અને અત્યાધુનિક હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે,'' રિલીઝમાં જણાવાયું છે. બૃહદ ગીર પ્રદેશમાં રેલ્વે ટ્રેક પર સિંહોની હિલચાલને કારણે સંભવિત અકસ્માતોને રોકવા માટે રાજ્ય સરકારે રેલ્વે સાથે મળીને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) પણ તૈયાર કરી છે. તેનાથી આવી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

# વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અચાનક અમેરિકાના પ્રવાસે

### અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ થોડા અઠવાડિયામાં ભારત સહિત ઘણા દેશો પર પારસ્પરિક ટેક્સ લાદવાની કરો શકે છે જાહેરાત

નવીદિલ્હી, તા. ૩

ભારતના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ સોમવારે અચાનક અમેરિકા પ્રવાસ માટે રવાના થઈ ગયા છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ થોડા અઠવાડિયામાં ભારત સહિત ઘણા દેશો પર પારસ્પરિક ટેક્સ લાદવાની જાહેરાત કરી શકે છે. સરકારી સૂત્રોને ટાંકીને બ્લૂમબર્ગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, અગાઉ નિર્ધારિત બેઠકો રદ થયા બાદ પીયૂષ ગોયલની આ મુલાકાત ખૂબ જ અણધારી છે. અહેવાલો અનુસાર, આ પ્રવાસનો કાર્યક્રમ ૮ માર્ચ સુધી નક્કી કરવામાં આવ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે હાલમાં આ મુલાકાત અંગે




કોઈ ટિપ્પણી કરી નથી. ઉલ્લેખનીય છે કે ગયા મહિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પહેલાં ટ્રમ્પે ભારત સહિત વિશ્વના ઘણા દેશો પર પારસ્પરિક ડ્યુટી એટલે કે ટિટ-ફોર-ટાટ ટેક્સ લાદવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન સાથેની વાતચીત દરમિયાન પણ ટ્રમ્પે તેમના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો અને કહ્યું હતું કે ભારત અમેરિકન ઉત્પાદનો પર ખૂબ જ ઊંચી ડ્યુટી લાદે છે અને અમેરિકા પણ આવી જ નીતિ અપનાવવા જઈ રહ્યું છે. ગયા મહિને, પીએમ મોદીની અમેરિકાની સત્તાવાર મુલાકાત દરમિયાન, ભારત અને અમેરિકાએ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાનો સંકલ્પ લીધો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પીયૂષ ગોયલ તેમની મુલાકાત દરમિયાન ટ્રમ્પના પારસ્પરિક ટેક્સ પર વસ્તુઓ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરશે. આ સમય દરમિયાન, ભારત પર તેની સંભવિત અસરનું મૂલ્યાંકન કરવાના પ્રયાસો પણ કરવામાં આવશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે તેઓ ભારતીય નિકાસકારો માટે રાહતો મેળવવાની શક્યતા અંગે પણ ચર્ચા કરશે. દ્વિપક્ષીય વેપાર વધારવા માટે રચાયેલ વેપાર સોદાઓ પર પણ વાતચીત થશે. ડોનાલ્ડ ટ્રમ્પે અનેક પ્રસંગોએ કહ્યું છે કે તેઓ એપ્રિલની શરૂઆતમાં પારસ્પરિક ટેરિફ લાદવાનો ઈરાદો ધરાવે છે. આ સમાચારે ભારતીય નિકાસકારોમાં ખાસ કરીને ઓટોમોબાઈલ અને એગ્રીકલ્ચર સેક્ટરમાં ચિંતા વધારી છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, સિટી રિસર્ચના વિશ્લેષકોનો અંદાજ છે કે આવા ટેરિફથી ભારતને વાર્ષિક ૭ બિલિયન સુધીનું નુકસાન થઈ શકે છે.

# હવે પ્રજ્ઞાચક્ષુઓ પણ બની શકશે ન્યાયધીશ : સુપ્રીમનો ચુકાદો

નવી દિલ્હી, તા.૩

ભારતની સુપ્રીમ કોર્ટે આજે સોમવારે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દ્રષ્ટિહીન લોકો પણ ન્યાયાધીશ બની શકે છે. કોર્ટે કહ્યું છે કે દ્રષ્ટિહીન લોકોને પણ ન્યાયિક સેવાઓમાં નિમણૂકનો અધિકાર છે. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવની બેન્ચે કેટલીક અરજીઓ પર આ ચુકાદો આપ્યો હતો.

કોર્ટે કહ્યું કે દિવ્યાંગ વ્યક્તિઓ સાથે ન્યાયિક સેવાઓમાં કોઈપણ પ્રકારના ભેદભાવ થવો ન જોઈએ અને રાજ્યએ ઈન્કલુઝીવ માળખું પૂરું પાડવા માટે સકારાત્મક પગલાં લેવા જોઈએ. આ સાથે, સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં મધ્યપ્રદેશ સરકારના નિયમને રદ કરી દીધો. સુપ્રીમ કોર્ટે કહ્યું, કોઈ પણ ઉમેદવારને ફક્ત દિવ્યાંગતાના આધારે આવી તકથી વંચિત રાખી શકાય નહીં.

ગત વર્ષે, એક દૃષ્ટિહીન ઉમેદવારની માતાએ મધ્યપ્રદેશ ન્યાયિક સેવાઓમાં નિમણુક માટેના નિયમોમાં એક જોગવાઈ સામે સુપ્રીમ કોર્ટમાં પત્ર લખ્યો. આ જોગવાઈ મુજબ દૃષ્ટિહીન ઉમેદવારની રાજ્ય ન્યાયિક સેવાઓમાં નિમણૂક ન થઈ શકે.

> જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવની બેન્ચે અરજીઓ પર આપ્યો ચૂકાદો

# સાયબર ક્રાઈમનો ખતરો

# ચાલુ વર્ષમાં ૨૦,૦૦૦ કરોડના ગુન્હાની શંકા

### બ્રાન્ડના નકલ સાથે સંકળાયેલા કૌભાંડો રૂ. ૯,૦૦૦ કરોડને પાર થાય તેવી સંભાવના : ૨૦૨૪માં ભારતમાં ૧૭ લાખથી વધુ ફરિયાદો નોંધાઈ



નવીદિલ્હી, તા. ૩

સાયબર ક્રાઈમનો ખતરો સતત વધી રહ્યો છે અને તેનાથી ભારતીયોને ભારે નુકસાન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર અનુસાર, દેશમાં ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં સાયબર ક્રાઈમમાં ૧૧,૩૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. બેંગલુરુ સ્થિત સાયબર સિક્યોરિટી ફર્મ ઈહજ્ઞીમજીઊઊં, ૫૦૦૦ થી વધુ હવે નિષ્ક્રિય દૂષિત વેબસાઈટ ડોમેન્સ અને ૧૬૦૦૦ થી વધુ બ્રાન્ડ્સના દુરુપયોગના કેસ સાથે સંબંધિત ડેટાનું વિશ્લેષણ કર્યા પછી, આગાહી કરી છે કે ૨૦૨૫ માં ભારતીયો અને ભારતીય કંપનીઓ ૨૦,૦૦૦ કરોડ રૂપિયા સાયબર ગુનાઓથી ગુમાવી શકે છે. આ વર્ષે જ, બ્રાન્ડના નકલ સાથે સંકળાયેલા કૌભાંડો રૂ. ૯,૦૦૦ કરોડના હોઈ શકે છે.

૨૦૨૪ માં, ભારતમાં ૧૭ લાખથી વધુ સાયબર ક્રાઈમ ફરિયાદો નોંધવામાં આવી હતી, જેમાં નાણાકીય કૌભાંડો અને ડિજિટલ ધરપકડો યાદીમાં ટોચ પર છે. છેતરપિંડી કરનારાઓ વ્યક્તિઓ અને વ્યવસાયોને છેતરવા માટે સોશિયલ એન્જિનિયરિંગ યુક્તિઓનો ઉપયોગ કરે છે. ઈહજ્ઞીમજીઊઊં વિશ્લેષણ અનુસાર, સાયબર ક્રાઈમની ફરિયાદોની સંખ્યા ૨૫ લાખથી વધુ થવાની ધારણા છે, જેમાં ૫ લાખ કેસો દેખીતી રીતે બ્રાન્ડની નકલ કરવાના કૌભાંડો સાથે જોડાયેલા છે.

બેંકિંગ અને નાણાકીય સેવા ક્ષેત્રને સૌથી વધુ નુકસાન થવાની ધારણા છે, જે લગભગ રૂ. ૮,૨૦૦ કરોડની છે, જે કુલ નુકસાનના ૪૧ ટકા છે. રિટેલ અને ઈ-કોમર્સ સેક્ટરને રૂ. ૫,૮૦૦ કરોડનું નુકસાન થવાની ધારણા છે. ડિજિટલ ધરપકડ કૌભાંડે લોકોમાં ખાસ કરીને ૨૦૨૪ માં ગભરાટ પેદા કર્યો હતો, કારણ કે સાયબર ગુનેગારો નકલી આરોપો પર ભારતીય નાગરિકોને વર્ચ્યુઅલ કસ્ટડીમાં રાખવા માટે જસુાય જેવા વિડિઓ કોલિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કાયદા અમલીકરણ અધિકારીઓનો ઢોંગ કરે છે.

રોકાણ કૌભાંડો બીજી મોટી સમસ્યા છે. કપટપૂર્ણ રોકાણ યોજનાઓને કારણે ૨૦૨૪માં રૂ. ૧૭.૪૫ કરોડનું નુકસાન થયું હતું, ત્યારબાદ એડવાન્સ-ફીના કૌભાંડો રૂ. ૧૫.૯૨ કરોડ થયા હતા. નકલી નોકરીના કૌભાંડોને કારણે રૂ. ૩.૬૫ કરોડનું નુકસાન થયું હતું, જ્યારે નકલી રિફંડ અને લોન કૌભાંડોને કારણે અનુક્રમે રૂ. ૧.૮૩ કરોડ અને રૂ. ૧.૬૧ કરોડનું નુકસાન થયું હતું. અન્ય સાયબર કૌભાંડો, જેમાં ફિશિંગ અને ઢોંગ છેતરપિંડીનો સમાવેશ થાય છે, તેણે નાણાકીય અસરમાં વધારાના રૂ. ૫.૯ કરોડનું યોગદાન આપ્યું હતું. કપટપૂર્ણ વેબસાઈટ ડોમેન્સ - જે લોકોને છેતરવા માટે બનાવવામાં આવ્યા છે - ૨૦૨૫ માં વાર્ષિક ધોરણે ૬૫ ટકા વૃદ્ધિ થવાની ધારણા છે, જ્યારે નકલી નાણાકીય એપ્લિકેશનો ૮૩ ટકા વધી શકે છે, જે સાયબર છેતરપિંડી પહેલા કરતાં વધુ છેતરતી બનાવે છે. સીધા નાણાકીય નુકસાન ઉપરાંત, બિઝનેસને બ્રાન્ડ ઈક્વિટી ધોવાણમાં રૂ. ૨૪,૦૦૦ કરોડ, ગ્રાહક સંપાદન ખર્ચમાં રૂ. ૩,૫૦૦ કરોડ અને ઉત્પાદકતામાં રૂ. ૨,૮૦૦ કરોડનું નુકસાન થશે.

### શૈતાન પણ શરમાઇ જાય એવી દૂષ્કર્મની ઘટનાથી પોલીસ સ્ટાફ પણ હચમચી ગયો

# દારૂડીયા દિકરાએ વૃધ્ધ જનેતા પર બળાત્કાર ગુજાર્યો

### એંસી વર્ષના ડોસીમાએ રાડારાડી કરી મુકતાં પુત્રવધૂ, પડોશીઓએ છોડાવ્યાઃ ગુપ્તાંગમાં ઈજાઓ થતાં સારવારમાં ખસેડાયાઃ પોલીસે ૫૦ વર્ષના હવસખોર હેવાન દિકરાને પકડી લીધો



**બીજી ઘટનામાં શેમ્પુ લેવા નીકળેલી બાળાની આબરૂ લૂંટવાનો પ્રયાસઃ દેકારો સાંભળી પિતા દોડી ગયા અને પુત્રીને શિકાર થતી બચાવી લીધી**

રાજકોટઃ હવસખોરો શૈતાનો ઘણીવાર એવુ કરી બેસતાં હોય છે જેના કારણે ખળભળાટ મચી જતો હોય છે. રાજ્યભરમાં હવસખોરીની ઘટનાઓ રોજબરોજ સામે આવતી રહે છે. દરમિયાન એક ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. જેમાં હળાહળ કળયુગની પ્રતિતિ થઇ રહી છે. કચ્છમાં આ ઘટના બનવા પામી છે. અંજાર તાલુકાના સતાપર ગામે પચાસ વર્ષના આધેડ હવસખોરે પુત્રે પોતાની એંસી વર્ષની વૃધ્ધ અશક્ત સગી જનેતા ઉપર બળાત્કાર ગુર્જાયો છે. માનવતાને શર્મશાર કરતી આ ઘટના પ્રકાશમાં આવતા જ ફીટકાર વરસી રહ્યો છે. પોલીસ પણ અચંબામાં મુકાઈ છે. હવસખોરને પોલીસે પકડી લીધો હતો. વૃધ્ધ જનેતાને આ હવસખોર દિકરાએ ચુંથી નાંખતા ડોસીમાને ગુપ્તાંગમાં ઈજાઓ પહોંચી હતી. રાડારાડ કરતાં પડોશી દોડી આવ્યા હતાં અને માજીને બચાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો રાત્રે બનેલી આ શર્મશાર ઘટનામાં માતાની રાડારાડની પુકાર સાંભળી ઘરની નજીકમાં જ રહેતી નાના પુત્રની પત્ની સાથે પાડોસી રૂમમાં આવી પહોંચી હતી અને નરાધમ પુત્રનાં ચુંગાલમાંથી માતાને બચાવી તેને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ લઇ જવામાં આવી હતી. સમગ્ર ઘટના અંગે પોલીસે ગુનો નોંધી અને આરોપી પુત્રને જેલ હવાલે કર્યો હતો. આ ઘટના અંગે હવસખોરના નાના ભાઈની પત્નિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે તે મુજબ તેમના પચાસ વર્ષીય અપરિણીત જેઠે પોતાની એંસીવર્ષની વૃધ્ધ માતા પર બળાત્કાર ગુજાર્યો હતો. ત

તેણીએ આગળ કહ્યુ હતુ કે સગી મા સાથે હવસોખોરી આચરનારો તેનો જેઠ કામ ધંધો કરતો નથી અને દારૂ પીવાની ટેવ વાળો છે. રાત્રીના દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે માતાનાં રૂમમાં જઈ અને રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને માતા કંઈ સમજે એ પેહલા આ કળયુગી પુત્રે તેની સગી માતા પર દુષ્કર્મ આચર્યુ હતુ. જેમાં માતાએ રાડારાડ કરતા મકાન નજીક રહેતા નાના પુત્રની પત્નિ સાથે આસપાસનાં લોકો દોડી આવ્યા હતા. જેમાં નાનાં ભાઈની પત્ની સાથે પાડોશી આવીને દરવાજો ખોલી ત્યારે અંદરનું દ્રશ્ય જોઈ સૌ કોઈ હચમચી ઉઠયાં હતાં. ઘટનામાં વૃધ્ધ મહિલાને માથા અને ગુપ્તાંગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી સગા પુત્રએ આચરેલું પાપ સહન ન થતાં માતાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. જેથી ઘટના અંગે નાના ભાઈની પત્નિએ અંજાર પોલીસ મથકે જેઠ સામે ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

આ ખળભળાટ મચાવતી ઘટના વિશે અંજાર પોલીસ મથકેથી મળતી માહિતી અનુસાર એક જ મકાનમાં રહેતો આ નફટ નરાધમ પુત્ર અપરણિત છે. જે કંઈ પણ કામ ધંધો કરતો નથી. કુટુંબ પરિવાર તેમજ સગા સબંધીઓ પાસેથી રૂપિયા માંગી દારૂ પીતો અને જો રૂપિયા ન મળે તો ઘણીવાર પોતાની માતા પાસે ભીખ મંગાવી રૂપિયા મેળવી દારૂ પીતો અને ઘણીવાર નશાની હાલતમાં વૃદ્ધ માતા સાથે મારકુટ પણ કરતો હતો. તેમજ આ દારૂડિયો અવાર નવાર ગામમાં પણ જ્યાં ત્યા બોલાચાલી કરી ઝગડા કરતો તેમજ તેની કરતૂતથી અડોશપડોશના લોકો સહિત આખું ગામ પણ ત્રસ્ત હતુ. આરોપી સામે અગાઉ ગાંધીધામ અને અંજારમાં દારૂ પીવાના ત્રણેક ગુના નોંધાઈ ચુક્યા છે.

ઘટના ધ્યાને આવતાં અંજાર પોલીસ સ્ટેશનનો આખો સ્ટાફ હચમચી ગયો હતો અને હવસખોરની હવસખોરી ઉતારી નાંખી હતી.

બીજી એક બળાત્કારના પ્રયાસની ઘટના ભાવનગર પંથકમાં બની છે. જેમાં તળાજામાં રહેતી એક સગીરા ઘરેથી શેમ્પુ લેવા નિકળી હતી તે દરમિયાન તેના પરિવારનો કોઇ પરિચય શખ્સ સગીરા ઉપર દુષ્કર્મ કરવાના ઇરાદે ઝાડી ઝાંખરામાં ખેંચીને લઈ જતો હતો તે દરમિયાન દિકરી બુમાબુમ કરી દેતા તેના પિતાએ બચાવવા દોટ મુકી શખ્સના કબ્જામાંથી દિકરીને છોડાવી હોવાનું પોલીસમાં જણાવ્યું હતું અને જે બાદ આરોપી વિરૂદ્ધ પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તળાજામાં રહેતી એક સગીરા શેમ્પુ લેવા ઘરેથી નિકળી હતી તે દરમિયાન સુનીલ સોલંકી નામનો શખ્સ સગીરાને બળજબરી કરી હાથ ખેંચ્યો હતો અને દુષ્કર્મના ઈરાદે ઝાડી ઝાંખરામાં લઈ જવાની કોશીશ કરતો હતા.

આ વખતે શ્રમજીવી પરિવારની સગીર દિકરીએ બુમાબુમ કરી દેતા તેનો અવાજ તેના પિતા સાંભળી ગયા હતા અને દોડીને આવી સુનિલ સોંલકીના કબ્જામાંથી તેની દિકરીને મુક્ત કરાવી હતી.

પંરતુ આરોપીએ જેને બોલાવવા હોય તેને બોલાવી લ્યો તેમ કહી રોફ ઝાડ્યો હતો. દિકરીની સમયસુચકતાથી દુષ્કર્મથી બચી જવા પામી હતી. જે બાદ દિકરીના પિતાએ તળાજા પોલીસ મથકમાં સુનિલ સોલંકી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બંને ઘટનાએ સૌને ચોંકાવી દીધા હતાં.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નરાધમ કપાતર દ્વારા સગી જનેતા પર બળાત્કાર ગુજારાયા બાદ માતાનું બ્રેઈન સ્ટ્રોકના કારણે મૃત્યુ થતાં આ બનાવના જાણકારોમાં કપાતર પર ફીટકાર વરસી રહી છે.

# જન્મ મરણ સર્ટિફિકેટ માટે હવે ૫ નહીં ૫૦ રૂપિયા આપવા પડશે

### રાજ્ય સરકાર દ્વારા લેવાયો નિર્ણય : ગેઝેટ પ્રસિદ્ધ થતા જ અમલવારી થશે શરૂ

રાજકોટ, તા. ૩

હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઈ રાજ્ય સરકારે જન્મ મરણ નોંધણી પ્રમાણપત્રની ફી મા ફેરબદલ કર્યા છે ત્યારે હવે જન્મ અને મરણ દાખલાની ફી ૫૦ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ની સાથોસાથ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ પાલિકાઓ તથા પંચાયતમાં નવો ચાર્જ વસૂલવા માટેના પણ નિર્દેશો થયા હોવાનું હાલ માલુમ પડ્યું છે. આ અંગે રાજ્ય સરકાર દ્વારા હાલ ચાલી રહેલા ફીના ધોરણે અંગે કેન્દ્ર સરકારને રિપોર્ટ મોકલ્યો હતો જેમાં ફી વધારવા માટેની દરખાસ્ત કરવામાં આવી હતી જેને કેન્દ્ર સરકારે મંજૂર કરી છે જેથી હવે પાંચ રૂપિયામાં જે જન્મ તથા મરણનો દાખલો મળતો તે હવે ₹૫૦ માં મળશે. મહાનગરપાલિકાના સૂત્રોના અનુસાર આ અંગે હજુ કોઈ કામગીરી શરૂ થઈ નથી અને અત્યારે પણ માત્ર પાંચ રૂપિયામાં જ આ દાખલો કાઢી આપવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા જે ૧૦ ગણો ભાવ વધારો કર્યો છે તેનાથી લોકો ને અસર તો પહોંચશે તેવું હાલ તજજ્ઞ જણાવી રહ્યા છે. આ અંગે હજુ નિર્ણય કરવામાં આવ્યો છે પરંતુ જે જાહેરનામું પ્રસિદ્ધ થવું જોઈએ તે હજુ સુધી થયું નથી ત્યારે સત્તાવાર ગેઝેટ મળે તેની રાહ હાલ મહાનગરપાલિકા જોઈ રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા ના સુત્રોના જણાવ્યા અનુસાર હાલજે ભાવ વસૂલવામાં આવે છે તે ૨૧ વર્ષ જૂનો છે જેથી હવે તેમાં વધારો કરવો તે અયોગ્ય નથી તેવું વિભાગનું પણ માનવું છે અને સરકારે પણ એ દિશામાં જ પોતાનો વિચાર અને અભિપ્રાય આગળ ધપાવ્યો છે અને તે મુજબ જ હાલ નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

મહત્વનું એ પણ છે કે લેટ ફી ના કિસ્સામાં પણ નિયમોમાં બદલાવ આવ્યો છે કારણ કે જો કોઈ વ્યક્તિ જન્મ કે મરણની ઘટનાની નોંધણી ૩૦ દિવસથી મર્યાદા બાદ કરાવે તો જે તે વ્યક્તિએ લેટ વી ભરવી પડશે અને લેટફીનો આંકડો જે રૂપિયા ૧૦ હતો તેને વધારી ૫૦ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ નોંધણી એક વર્ષથી વધુ સમય વીતી ગયા બાદ કરવામાં આવે તો ૧૦૦ રૂપિયા લેટ ફી પેટે લેવામાં આવશે. અને આ પ્રકારના કિસ્સામાં કલેકટર ની મંજૂરી પણ લેવી પડશે. ડિજિટલ ઈન્ડિયા ના વિચારને ચરિતાર્થ કરવા માટે હવેથી પ્રમાણપત્રો ઈલેક્ટ્રોનિક અથવા અન્ય સ્વરૂપમાં આપવામાં આવશે જે હવે પ્રમાણપત્ર તરીકે ઓળખાશે નહીં કે નકલ. એટલું જ નહીં સરકારે એક એવી પણ જોગવાઈ કરી છે જેમાં કોઈ પણ અરજદાર વ્યક્તિ જન્મ કે મરણની નોંધણી દરમિયાન ખોટી માહિતી આપે છે તો તેને રૂપિયા ૫૦ થી લઈને ૧,૦૦૦ સુધીનો દંડ ફટકારવામાં આવી શકે છે આ નિર્ણય લેવા પાછળ મહત્વની વાત એ છે કે આ પ્રકારના કિસ્સામાં રોક લાગે અને વિશ્વસનીયતા કેળવાય.


# લક્ષ્યાંકની નજીક પહોંચતી મનપાની વેરા વસુલાત શાખા

### રજાના દિવસોમાં પણ ઝુંબેશ ચાલુ : આઠ મિલકત સીલ, ૩૨.૮૭ લાખની રિકવરી : કુલ આંકડો ૩૭૭ કરોડે પહોંચ્યો

રાજકોટ, તા. ૩

માર્ચ એન્ડિંગને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ દ્વારા હાલ રિકવરી ઝુંબેશને વધુ તીવ્ર કરી છે. મળતી માહિતી મુજબ ૪૧૦ કરોડ ના લક્ષ્યાંકને પહોંચવા માટે હાલ મહાનગરપાલિકાએ કુલ ૩૭૭ કરોડ જેટલી રિકવરી કરી લીધી છે અને ગઈકાલે કુલ ૩૨.૮૭ લાખ રૂપિયાની રિકવરી થવા પામી હતી. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાના વેરાવસુડા વિભાગ દ્વારા ૮ મિલકતોને સીલ કરવામાં આવી હતી જ્યારે ૧૦ મિલકતો પાસેથી રિકવરી પણ થઈ હતી. વોર્ડ નંબર એકમાં આરતી વિદ્યાલય ને નોટિસ પાઠવવામાં આવી તો તેની સામે ૧.૭૦ લાખ રૂપિયાની રિકવરી થયેલી છે. જ્યારે વોર્ડ નંબર ત્રણમાં જામનગર રોડ પર આવેલા ગાંધી સોસાયટીમાં એક યુનિટની માંગણી સામે ૯૨ હજારથી વધુની રકમની રિકવરી થઈ તો રેલ નગર એકમાં એક નળ કનેક્શન કપાત સામે ૧.૩૫ લાખ રૂપિયાની રિકવરી મનપાને થઈ હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ વોર્ડ નંબર પાંચમાં આવેલા પેડક રોડ પર મીરા કોમ્પ્લેક્સ માં ૫૧,૨૦૦, ન્યુ શક્તિ સોસાયટીમાં ૩૦૦૦૦ નો પીડીસી ચેક જ્યારે પેડક રોડ ઉપર આવેલા રત્નદીપ સોસાયટીમાં એક નળ કનેક્શન કાપવામાં આવ્યું હતું.

તો ગોંડલ રોડ પર આવેલા એક યુનિટને સીલ કરવામાં આવ્યું હતું જ્યારે એસી ફૂટ રોડ પર આવેલા સ્વાતિ પાર્ક બેમએવી જ રીતે વોર્ડ નંબર સાતમાં ટાગોર રોડ પર આવેલા ક્રિષ્ના કોનાક માં ૭૬ હજારની રિકવરી થઈ જ્યારે સરદાર નગર મેઈન રોડ ઉપર ૮૫,૨૦૦ ની રિકવરી થયેલી છે. એવી જ રીતે ગોંડલ રોડ પરના જીમી ટાવરમાં પાંચ મિલકતોને સીલ કરવામાં આવી. જ્યારે ગોંડલ રોડ પર આવેલા સમૃદ્ધિ ભવન માં ગ્રાઉન્ડ ફ્લોરની ઓફિસને પણ સીલ કરાઈ છે. વોર્ડ નંબર ૧૪ ની વાત કરવામાં આવે તો ગાયત્રીનગર મેઈન રોડ પર આવેલા અનિરુદ્ધ કોમ્પ્લેક્સ માં આવેલી દુકાનને પણ સીલ કરવામાં આવી હતી જ્યારે ગુંદાવાડીમાં આવેલ શેરી નંબર ૪ માં એક યુનિટને સીલ કરવામાં આવ્યું હતું. તો સામે વોર્ડ નંબર ૧૫માં આવેલા આજી ઉદ્યોગ નગર એકમાં ૬૭,૬૧૦ ની રિકવરી પણ થઈ હતી. એવી જ રીતે વોર્ડ નંબર ૧૮ ની વાત કરવામાં આવે તો ગોંડલ રોડ પર આવેલા એક યુનિટને સીલ કરવામાં આવ્યું હતું જ્યારે એસી ફૂટ રોડ પર આવેલા સ્વાતિ પાર્ક બેમાં સીલની કાર્યવાહી કરવામાં આવી હતી અને ૧.૧૩ લાખ રિકવર કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજા ના દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાતની ઝુંબેશ યથાવત ચાલુ રાખવામાં આવશે ત્યારે પેલી એપ્રિલ ૨૦૨૪ થી શરૂ થયેલી આ રિકવરી ઝુંબેશ નો આંકડો કુલ ૩૭૭ કરોડે પહોંચ્યો છે. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટર દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.




### ઓનલાઇન ફ્રોડના કિસ્સાઓ એક ભુલો ત્યાં બીજા ચાર હાજર છે, લોકો જાગૃત થતાં નથી, ગઠીયાઓ અટકતા નથી

# વિદેશના વિઝા અને એડમિશનના નામે યુવાનને ચોવીસ લાખનો ચૂનો

### શેર બજારમાં કમાઇ લેવાની લ્હાયમાં ડોક્ટરને લાગી ગયું બાર લાખની ઠગાઇનું ઇન્જેકશન

રાજકોટઃ વિદેશમાં નોકરી કરવા અને ત્યાં સ્થાયી થવાના અભરખા અનેક યુવાનો, પરિવારના લોકોને હોય છે. આવા કિસ્સાઓમાં લેભાગુ એજન્ટો અનેક લોકોને છેતરી ચુક્યા છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં યુવાનને લંડન યુનિવર્સિટીમાં એડમીશન અપાવાવના નામે અને વિઝાના નામે ચોવીસ લાખ પડાવી લેવાયા છે. ઠગાઇના બીજા બનાવમાં સોશિયલ મિડીયાના ઠગોએ શેર બજારમાં નફાની લાલચ આપી ડોક્ટરને બાર લાખની ઠગાઇનું ઇન્જેકશન આપી દીધુ હતું.

ફ્રોડની પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના બાવીસ વર્ષીય યુવકને લંડનની યુનિવર્સિટી ઓફ સ્ટ્રેટક્લાઇડ ગ્લાસમાં એડમિશન અપાવવાના નામે ભેજાબાજે ચોવીસ લાખ પડાવ્યા છે. યુવકે આ મામલે છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. છાણી પોલીસે યુવકની ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી હત. છાણી ગામમાં આવેલા નવાપુરા ફળીયામાં રહેતા ૨૨ વર્ષીય જયરસ્તભાઇ બચુભાઇ પટેલે છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું ખાનગી રિસોર્ટમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરુ છું. મારે વધુ અભ્યાસ માટે લંડન જવું હતું. જેથી મારા પાડોશી આશિષ પટેલને પણ લંડન જવું હોવાથી તેને પુછ્યું હતું. જેથી તેણે મને કહ્યું હતુ કે, વાઘોડિયા ખાતે રહેતા અને એમ.કે. ઇમિગ્રેશન કન્સ્ટલટન્સીનું કામ કરતા મયુર બિપીનભાઇ પટેલનો પાસેથી મેં લંડન જવા માટેની -ોસેસ કરાવી હતી. લંડનની યુનિવર્સિટી ઓફ સ્ટ્રેટક્લાઇડ ગ્લાસમાં એડમિશન અપાવવા, ત્યાં રહેવા, જમવા અને ફી મળી કૂલ ૨૬ લાખ રૂપિયા થશે તેવું નક્કી કર્યું છે.

જેથી મેં પણ તેનો સંપર્ક કરાવવા માટે આશિષ પટેલને કહ્યું હતું. ત્યાર બાદ મયુર પટેલ મારા ઘરે આવ્યા હતા અને તેના કહેવા પ્રમાણે વિઝાની પ્રોસેસ કરવા માટે મારા પિતાએ તેને ત્રણ લાખ રૂપિયા તેને આપ્યા હતા. અઠવાડિયા પછી તેને -ોસેસ કરવા માટેની તેની ફી અઢી લાખ રૂપિયા માગી હતી. તે પણ મારા પિતાએ તેને આપી દીધી હતી. ત્યાર બાદ તેને કોલેજનો ઓફર લેટર અમને મોકલ્યો હતો. જેની ઉપર યુનિવર્સિટી ઓફ સ્ટ્રેટક્લાઇડ ગ્લાસનું ટાઇમ ટેબલ લખ્યું હતું. ત્યાર બાદ તેના ઉપર વિશ્વાસ આવતા તેના કહેવા -માણે અવારનવાર લાખો રૂપિયા આપતા ગયા હતા. ત્યાર બાદ યુનિવર્સિટી ઓફ સ્ટ્રેટકલાઇડ ગ્લાસનમો સીએએસ લેટર મોકલ્યો હતો. તેમણે ફોન કરીને મને કહ્યું હતું કે, તારું એડમિશન કન્ફર્મ થઇ ગયું છે. હવે તમારે મેડિકલ ઇન્સ્યોરન્સ કરાવવાનો છે. જેનો ખર્ચ અઢી લાખ રૂપિયા થશે. જે પણ અમે ચૂકવી દીધા હતા. ત્યાર બાદ તેણે કોઇ પ્રોસેસ કરી નહોતી અને અમારો ફોન પણ ઉઠાવતો નહોતો. વાઘોડિયા જઇને તપાસ કરતા તે મળ્યો નહોતો અને જાણવા મળ્યું હતું કે, તેણે ઘણા લોકો સાથે છેતરપિંડી આચરી છે, જેથી તેણે અમારી સાથે ચોવીસ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોઇ ફરિયાદ કરી હતી.

બીજા બનાવમાં ઓનલાઇન શેરબજારમાં રોકાણ કરવા માટે ગયેલા પાલ વિસ્તારમાં રહેતા તબીબે રૂ.૧૨.૦૯ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. ગઠીયાએ વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરાવી તેમા રોકાણના નામે પૈસા જમા કરાવડાવી વિડ્રો નહીં કરી છેતરપિંડી કરવામાં આવી હતી. સુરત પાલ વેસ્ટર્ન હાઇટ્સ પાસે આવેલા સિધ્ધી ટાવરમાં રહેતા જૈનિશ ઉપીનચંદ્રા લોખંડવાલા વ્યવસાયે તબીબ છે અને ચોકબજાર વિસ્તારમાં ક્લિનિક ચલાવે છે. તે સોશિયલ મીડિયામાં જોતા હતા ત્યારે શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવાની જાહેરાત આવી હતી. આ જાહેરાત જોઇને તેમણે સંપર્ક કરતા ગઠીયાએ તેમને એ૩ બોર્ડ સિક્યુરિટી નામના વોટ્સઅપ ગૃપમાં જોઇન્ટ કર્યા હતા. બાદમાં ગઠીયાએ જૈનિશનું ડિમેટ એકાઉન્ટ બનાવ્યું હતું. બાદમાં તેમાં જૈનિશ પાસેથી ટુકડે ટુકડે રૂ.૧૨.૧૦ લાખ જમાં કરાવ્યા હતા અને અલગ અલગ શેરમાં રોકાણ કરીને નફો કમાયા હોવાનું બતાવ્યું હતું.

જયારે જૈનિશે પોતાના પૈસા વિડ્રો કરવાનું કહેતા માત્ર રૂ.૫૦૦ વિડ્રો કરવા દીધા હતા.બાકીના રૂ.૧૨,૦૯,૫૦૦ વિડ્રો કરવા દીધા ન હતા. આ પછી ડોક્ટરને પોતે છેતરાઇ ગયાની ખબર પડતાં ફરિયાદ દાખલ કરાવી હતી.

### ગામના ગમે તેમ કરીને ગરીયા ફેરવી નાખવાની વધુ ત્રણ ઘટનાઓઃ કરોડોનું ફ્રોડ થયું

# કોલસાના ધંધામા રોકાણના નામે કાળાધોળાઃ સવા કરોડની ઠગાઇ

## બીજા કિસ્સામાં સસ્તામાં ફ્લેટના નામે ત્રણ કરોડની છેતરપીંડી-આરોપીમાં મહિલા IPSનો પતિ પણ સામેલઃ ત્રીજા બનાવમાં ડ્રેસ મટીરીયલના વેપારી સાથે એક કરોડ સત્તર લાખની ઠગાઇ

રાજકોટઃ ગામને છેતરવાના બનાવોમાં સતત વધારો થઇ રહ્યો છે. લોકોને લેભાગુઓ ગઠીયાઓ ગમે તેમ કરીને ગાળીયા પરોવી છેતરી જતાં હોય છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં વિધવા સહિત આઠ લોકો સાથે કોલસાના ધંધામાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી સવા કરોડથી વધુની ઠગાઇ થઇ છે. બીજા કિસ્સામાં ફ્લેટના સોદાના નામે ત્રણ કરોડની ઠગાઇ કરવામાં આવી છે. જેમાં કાપડના વેપારી છેતરાઇ ગયા છે. આરોપીમાં મહિલા આઇપીએસનો પતિ પણ સામેલ છે. ત્રીજા બનાવમાં ડ્રેસ મટીરીયલના ધંધાર્થી સાથે બે વેપારીઓએ એક કરોડ પાંત્રીસ લાખની ઠગાઇ કરી હતી.

ઠગાઇની પ્રથમ ઘટના જોઇએ તો સુરતના અડાજણ વિસ્તારમાં રહેતી એક વિધવા મહિલા અને તેમના સંબંધીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. કોલસાના ધંધામાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી, આરોપી પીયુષ મનોહર ઉર્ફે કબીર મનોહર સકાલાએ આઠ લોકો પાસેથી કુલ એક કરોડ ત્રીસ લાખથી વધુની રકમ મેળવી હતી. ત્યારબાદ જ્યારે વિધવાએ પૈસાની માગણી કરી ત્યારે આરોપીએ ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની




ધમકી આપી હતી. અડાજણ ગંગેશ્વર મહાદેવ મંદિર સામે ન્યુ એવેન્યુમાં રહેતા એકાવન વર્ષીય બીનીતાબેન પ્રદીપભાઈ ખાટીવાલા અને તેમના પરિવાર સાથે આ છેતરપિંડીની શરૂઆત થોડા વર્ષ પહેલા થઈ હતી. આનંદ મહલ રોડ પર આવેલી આઈએમસી સિલ્વર સ્પ્રીંગ એપાર્ટમેન્ટમાં તેમની ઓળખ પીયુષ સકાલા સાથે થઈ હતી. પીયુષે પોતે કંપનીનું ઓનલાઈન માર્કેટિંગ કરે છે અને આયુર્વેદિક દવાઓ વેચે છે, એવું જણાવ્યું હતું.

ત્યારબાદં પીયુષે બીનીતાબેનને જણાવ્યું કે, તે કોલસાના ધંધામાં રોકાણ કરી રહ્યો છે અને જો તે પૈસા રોકાણ કરશે તો તેમને સારો નફો મળશે. બીનીતાબેને આ ધંધામાં ૨૭,૦૦૦ રૂપિયા રોકાણ તરીકે આપ્યા હતા. જે પછી પીયુષે થોડા દિવસમાં જ નફા સાથે પરત કર્યા. આ રીતે વિશ્વાસ જીતીને, પીયુષે બીનીતાબેન પાસેથી ૫૦ લાખ રોકડા અને બેંકમાંથી ૧૩ લાખની ગોલ્ડ લોન લેવડાવી હતી. બીનીતાબેન એકલી જ નહીં, પીયુષ સકાલાએ તેમના ભાઈ, બહેન, બનેવી, પુત્ર અને મિત્રના નામે પણ લોન લીધી હતી. જે લોનના હપ્તા બીનીતાબેન અને તેમના પરિવારજનોએ ભર્યા હતા. આ રીતે, કુલ રકમ ૧.૩૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી.

જેમાં ૫૦ લાખ રૂપિયા રોકડા, લોન ૨૦,૩૯,૪૨૭ રૂપિયા, અન્ય લોકોના નામે લોનના હપ્તા ૧,૩૦,૪૪,૪૨૯ રૂપિયા છે. જ્યારે લોનના હપ્તા ભરવાનું ભારે થવા લાગ્યું, ત્યારે બીનીતાબેન અને તેમના પરિવારજનોએ પીયુષ સકાલાને ફોન કરીને પૈસા પરત માગ્યા હતાં. શરૂઆતમાં પીયુષે ભવિષ્યમાં રકમ પરત કરવાની ખાતરી આપી, પરંતુ થોડા જ સમયમાં ફોન ઉપાડવાનું બંધ કરી દીધું.

બીનીતાબેન તેના ઘરે રૂપિયા માગવા ગઈ, ત્યારે પીયુષ ઉશ્કેરાઈ ગયો અને ગાળાગાળી કરવા લાગ્યો. વધુમાં હવે પછી પૈસાની માંગણી કરશો તો જીવથી હાથ ધોવા પડશે તેવી ધમકી આપી હતી. વિધવા અને તેમના સગા-સંબંધી ૨૦૨૪માં દિવાળીના સમયે ફરીથી પીયુષના ઘરે ગયા, પણ તે અચાનક ગાયબ થઈ ગયો હતો. આ મામલે બીનીતાબેન ખાટીવાલાએ અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે પીયુષ મનોહર ઉર્ફે કબીર મનોહર સકાલા સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે શહેરભરમાં અલગ-અલગ સ્થળોએ તપાસ શરૂ કરી છે અને આરોપીને ઝડપી લેવા માટે વિશેષ ટીમ પણ તૈયાર કરવામાં આવી હતી.

ત્રીજા બનાવમાં પાલ ગ્રીન સિટીમાં રહેતા શ્રીચંદ ખત્રી બેગમપુરામાં શિવ ક્રિષ્ના નામથી ડ્રેસ મટીરીયલનો વેપાર કરે છે. કાપડ દલાલ સુરેશ શંભુભાઈ ધોળિયા (રહે., જય સહકાર એપાર્ટમેન્ટ હીરાબાગ, વરાછા મૂળ.ભાવનગર) એ તેમની મુલાકાત હૈદરાબાદના વેપારી મુહમ્મદ ગૌસ ખાન સાથે કરાવી હતી. સુરેશે પેમેન્ટની જવાબદારી લીધી હતી. મુહમ્મદ ગૌસખાને શ્રીચંદ પાસેથી દલાલ હસ્તે ૨.૫૨ કરોડનુ ડ્રેસ મટીરીયલ ઉધારમાં લીધું હતું .૧.૧૭ કરોડ ચૂકવી બાકી ૧.૩૫ કરોડ નહિ ચૂકવતા શ્રીચંદ ખત્રીએ ઉઘરાણી કરી હતી. ગૌસ ખાને બીજો માલ આપો તો જૂનું પેમેન્ટ આપવાની વાત કરી સમય પસાર કરતો હતો. બાદમાં પેમેન્ટ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કાપડ દલાલ સુરેશે દોળિયાએ પણ હાથ ઉંચા કરી દેતા શ્રીચંદ ખત્રીએ બંને સામે ફરિયાદ આપતા સલાબતપુરો પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ત્રાડની કદર

## ગીરના સિંહ પ્રત્યે મોદી સરકાર ગંભીર પણ..



સૌરાષ્ટ્રની બે મુખ્ય ઓળખ કેસર કેરી અને ગીરના સાવજો. ઉનાળામાં દુનિયાભરના સ્વાદ શોખીનોને કેસરની યાદ આવશે. કેસરના સ્વાદે સામ્રાજ્ય પાથર્યું છે. પરંતુ ઝેરી દવા - ખાતરો સહિતના પ્રયોગોથી કેસર કેરીની ગુણવત્તા ખતરામાં પડી છે. ઝડપથી ફાલ મેળવવા આંબાને ઇન્જેક્શન આપીને કુદરતના અલૌકિક સ્વાદની પથારી ફેરવાઈ રહી છે.

બીજી ઓળખ છે ગીરના સાવજો. ગીરના જંગલમાં વિહરતા સાવજો માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતનું જ નહીં એશિયાનું ગૌરવ છે. આ સાવજ એશિયાટિક લાયન તરીકે ઓળખાય છે. આનંદની બાબત છે કે ગીરમાં સાવજોની સંખ્યામાં વધારો થયો છે.


એક સમયે સાવજનું અસ્તિત્વ ખતરામાં આવી ગયું હતું. સરકારી અને સંસ્થાગત પ્રયાસોથી સિંહની વસ્તી વધી છે. હાલ ગુજરાતના નવ જિલ્લાઓમાં ૫૩ તાલુકાઓમાં 30000 ચોરસ કિલો મીટરમાં સિંહની વસ્તી ફેલાઈ છે.

વિશ્વ વન્યજીવન દિને વડાપ્રધાન મોદીજીએ સાસણમાં જઈને સિંહદર્શન કર્યું હતું અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી પણ કરી હતી. મોદીજીનો આ પ્રકારનો કાર્યક્રમ ગુજરાત-ભારતના ગૌરવનું બ્રાન્ડિંગ હતું. વડાપ્રધાને રૂપિયા ૨૯૨૭ કરોડના પ્રોજેક્ટ લાયનનું લોન્ચિંગ પણ કર્યું હતું.

સરકાર વન્યજીવન ગીરના સાવજ માટે ગંભીર છે અને ત્રાડની કદર કરે જ છે. જોકે ગીર અને સાવજ બંને મુદ્દે ચિંતાજનક સ્થિતિ પણ છે. વ્યક્તિગત લાભ હોય કે અન્ય કારણો હોય પણ ગીરમાં નિયમો ભંગ કરીને કુપ્રવૃતિ ચાલતી હોવાના સમાચારો વારંવાર ઉછળે છે.

ગીરમાં વન્યજીવ વચ્ચે ઘૂસનારા અમુક માનવ જીવ શંકાસ્પદ કાર્યો કરતા હોવાની ફરિયાદો વારંવાર ઊઠે છે. આ પ્રવૃત્તિ રોકવા સવિશેષ પ્રયાસ પણ થતો હોય તેવું લાગતું નથી. ઘણી વખત તો સાવજોના શંકાસ્પદ મોત પણ થતા જોવા મળે છે.

જંગલમાં ક્યાંક કંઈક ચિંતા છે. જે ભવિષ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. એક ખૂબ મહત્વની બાબત એ પણ છે કે સિંહની વસ્તી 30,000 ચોરસ મીટરમાં ફેલાઈ છે. ૫૩ તાલુકાઓના વિસ્તારોમાં ગર્જના સાંભળવા મળે છે. આ આનંદની બાબત છે પણ સવાલ એ થાય છે કે વાઈલ્ડ લાઈફ અનબેલેન્સ નથી ને ? સિંહની વસ્તી સાથે જંગલ વિસ્તાર પણ વધારવો પડે. આ ઉપરાંત સિંહના મારણ જીવોની વસ્તી પણ વધવી જરૂરી છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં સિંહ પરિવાર માનવ વસ્તીમાં ઘૂસીને દુધિયા પશુઓ તથા શ્વાનના મારણ કરતાં હોવાની ઘટનાઓ વધી ગઈ છે. માણસ પર પણ સિંહ - દીપડાના હુમલા થાય છે. આ દર્શાવે છે કે જંગલ અને મારણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. જંગલી પ્રાણીઓની રંજાડ વચ્ચે તો તે પ્રત્યે આસપાસના વિસ્તારોમાં નકારાત્મક માહોલ ફેલાઈ શકે છે. આપણું ગૌરવ, આપણને ભારે પડે તે પહેલાં નક્કર આયોજન થવું જરૂરી છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રોહિત શર્મા પર કોંગ્રેસ પ્રવક્તા શમા મોહમ્મદનું વિવાદાસ્પદ નિવેદન

### સોશિયલ મીડિયા પર ટેગ કરતી વખતે સ્વાસ્થ્ય વિશે કરી વાત : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કર્યો હસ્તક્ષેપ





નવીદિલ્હી, તા. ૩

કોંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે ભારતની ઘઉંઈ અને ઝ૨૦ ટીમના કેપ્ટન રોહિત શર્મા પર વિવાદિત નિવેદન આપ્યું હતું. શમાએ રોહિત શર્માને સોશિયલ મીડિયા પર ટેગ કરતી વખતે તેના સ્વાસ્થ્ય વિશે વાત કરી હતી, જેના કારણે હોબાળો થયો હતો. જો કે શમાએ બાદમાં પોતાનું ટ્વીટ ડિલીટ કરી દીધું હતું, પરંતુ ત્યાં સુધીમાં મામલો ખૂબ જ ગંભીર બની ગયો હતો, હવે આ સમગ્ર મામલે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (ઇઈઈઈ)એ પણ એન્ટ્રી કરી છે. ઈઈઈ સેક્રેટરી દેવજીત સૈકિયાએ શમા મોહમ્મદના નિવેદનની ટીકા કરી છે. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે અમારા કેપ્ટન પર આવી ટિપ્પણીઓ જવાબદાર હોદ્દા ધરાવતા વ્યક્તિ તરફથી આવી છે. હાલમાં, ભારત આઈસીસી ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું છે અને ટીમ સેમીફાઈનલ રમવા માટે તૈયાર છે.

શમા મોહમ્મદે પણ ટ્વીટ ડિલીટ કર્યા બાદ સ્પષ્ટતા આપી હતી. શમાએ કહ્યું હતું કે, 'આ એક ખેલાડીની ફિટનેસને લઈને સામાન્ય ટ્વિટ હતું. આ બોડી શેમિંગ ન હતું. હું હંમેશા માનું છું કે ખેલાડીએ ફિટ રહેવું જોઈએ. મને લાગ્યું કે તેનું વજન થોડું વધારે છે. તેથી મેં તેના વિશે માત્ર ટ્વિટ કર્યું. મારા પર કોઈપણ કારણ વગર હુમલો કરવામાં આવ્યો છે. જ્યારે હું રોહિત શર્માની તુલના અન્ય કેપ્ટન સાથે કરીશ ત્યારે હું આ કહીશ. મને કહેવાનો અધિકાર છે. બોલવામાં ખોટું શું છે? આ લોકશાહી છે. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ૧૭ બોલમાં ૧૫ રન બનાવીને રોહિત શર્માના આઉટ થયા બાદ શમા મોહમ્મદની ટિપ્પણીઓ આવી હતી. કોંગ્રેસ નેતાની ટિપ્પણીની ભારતીય જનતા પાર્ટી દ્વારા નિંદા કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પાર્ટી પર રોહિત શર્માને 'બોડી શેમિંગ' કરવાનો આરોપ લગાવ્યો હતો.

બીજેપીના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ ડ પર લખ્યું હતું કે, 'રાહુલ ગાંધીની કપ્તાનીમાં ૯૦ ચૂંટણી હારનારા લોકો રોહિત શર્માની કેપ્ટનશિપને બિનઅસરકારક ગણાવી રહ્યા છે. મને લાગે છે કે દિલ્હીમાં ૬ વખત શૂન્ય પર આઉટ થવું અને ૯૦ વખત ચૂંટણી હારવી પ્રભાવશાળી છે, પરંતુ ઝ૨૦ વર્લ્ડ કપ જીતવો પ્રભાવશાળી નથી. જો કે, રોહિતનો કેપ્ટન તરીકે ઉત્તમ ટ્રેક રેકોર્ડ છે, 'રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ટીમ ઈઈઈ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમિફાઇનલમાં પહોંચી છે. ભારતીય ટીમે પ્રથમ મેચમાં બાંગ્લાદેશને ૬ વિકેટે હરાવ્યું હતું. ત્યારબાદ તેણે કટ્ટર હરીફ પાકિસ્તાનને પણ છ વિકેટે હરાવ્યું હતું. ભારતે તેની છેલ્લી ગ્રૂપ મેચમાં ન્યૂઝીલેન્ડને ૪૪ રને હરાવ્યું અને ગ્રુપ અમાં ટોચનું સ્થાન મેળવ્યું. હવે ૪ માર્ચે સેમિફાઇનલમાં ભારતનો સામનો ઓસ્ટ્રેલિયા સામે થશે.

# દિલ્હીનું બજેટ સત્ર ૨૪ થી ૨૬ માર્ચે

### સમાજના વિવિધ વર્ગોના ઇનપુટ્સને ધ્યાનમાં લીધા પછી ડ્રાફ્ટ બજેટ થશે તૈયાર : રેખા ગુપ્તા



નવીદિલ્હી, તા. ૩

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોમવારે કહ્યું હતું કે ૨૦૨૫-૨૬ માટેનું 'ડેવલપ દિલ્હી' બજેટ ૨૪ થી ૨૬ માર્ચની વચ્ચે વિધાનસભામાં રજૂ કરવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, તેમણે હાઇલાઇટ કર્યું કે સમાજના વિવિધ વર્ગોના ઇનપુટ્સને ધ્યાનમાં લીધા પછી ડ્રાફ્ટ બજેટ તૈયાર કરવામાં આવશે. આને જાહેર બજેટ બનાવવા માટે અમે ૫ માર્ચે વિધાનસભા પરિસરમાં વિવિધ મહિલા સંગઠનોના પ્રતિનિધિઓને મળીશું. અમે ૬ માર્ચે એજ્યુકેશન સેક્ટરના સ્ટેકહોલ્ડર્સ અને બિઝનેસમેન સાથે પણ ચર્ચા કરીશું. તેમણે રહેવાસીઓ માટે તેમની બજેટ ભલામણો મોકલવા માટે ઇમેઇલ ઈંઉ અને ઠવફતિંઆ નંબર સહિતની વિગતો પણ શેર કરી. ગુપ્તાએ ખાતરી આપી હતી કે ભાજપના 'સંકલ્પ પત્ર'માં કરવામાં આવેલી તમામ પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવામાં આવશે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર તેમને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ ઝડપે કામ કરી રહી છે.


વધુમાં, ગુપ્તાએ જણાવ્યું હતું કે વિધાનસભામાં અત્યાર સુધી માત્ર બે જ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે અને તેઓ અગાઉની અઅક સરકાર સામેના અનેક ભ્રષ્ટાચારના આરોપોને પહેલાથી જ ઉજાગર કરી ચૂક્યા છે. ''કેગના વધુ ૧૨ અહેવાલો હજુ સબમિટ કરવાના બાકી છે અને વધુ ગેરરીતિઓ પ્રકાશમાં આવે તેવી શક્યતા છે,'' તેમણે જણાવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં કેબિનેટ મંત્રી પરવેશ સાહિબ સિંહ, આશિષ સૂદ અને મનજિંદર સિંહ સિરસા હાજર હતા. ગુપ્તાએ કહ્યું કે તે ૫ માર્ચથી શરૂ થતા બજેટ પહેલા ઘણી બેઠકો કરશે, જેમાં તે મહિલા સંગઠનોને મળશે. ''૬ માર્ચે, અમે વેપારીઓ પાસેથી સૂચનો માંગી રહ્યા છીએ. અમે ગ્રામીણ વિસ્તારો, ઝૂંપડપટ્ટીઓ અને અનધિકૃત વસાહતોના લોકો સાથે વાત કરીશું... આ લોકોનું બજેટ હશે.'' ગુપ્તાએ કહ્યું કે મંત્રી લોકોનો સંપર્ક કરશે અને તેમના સૂચનો લેશે. ''શહેરમાં વિકાસ થશે. ભાજપ તમામ વચનો પૂરા કરવા પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ કહ્યું, અમારો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે દિલ્હીનું આ બજેટ લોકોનું બજેટ છે. આમાં જનભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે સરકારે વિશેષ પગલાં લીધાં છે. આ પ્રક્રિયા અંતર્ગત દિલ્હી સરકારે એક વેબસાઈટ અને ઈમેલ આઈડી બહાર પાડ્યું છે, જેથી દિલ્હીના નાગરિકો તેમના સૂચનો આપી શકે. આ સિવાય દિલ્હી સરકારે વિવિધ જૂથોના સૂચનો લેવા માટે બેઠકોનું આયોજન કર્યું છે. ૫ માર્ચે મહિલા સંગઠનો સાથે સંવાદ થશે, જ્યારે ૫ માર્ચે સાંજે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. ૬ માર્ચે વેપારી અને ઔદ્યોગિક સંગઠનો પાસેથી સૂચનો લેવામાં આવશે. આ સિવાય દિલ્હીના અન્ય વર્ગો જેવા કે ખેડૂતો, યુવાનો અને અનધિકૃત કોલોનીના લોકો પણ તેમના સૂચનો આપી શકે છે. મુખ્યમંત્રીએ એ પણ જણાવ્યું કે કેબિનેટના તમામ સભ્યો અને ધારાસભ્યો જનતાની વચ્ચે જશે અને તેમના સૂચનો સાંભળશે. આ પ્રક્રિયા દરમિયાન સરકારનો ઉદ્દેશ્ય એ છે કે દિલ્હીનું બજેટ સંપૂર્ણપણે જનતાના હિતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે.

# સોશિયલ મીડિયા કન્ટેન્ટને નિયંત્રિત કરવા માર્ગદર્શિકા ઘડવા તાકીદ

### સુપ્રીમ કોર્ટે કેન્દ્રને આપી ચેતવણી કહ્યું યોગ્ય નિયમનકારી પગલાંઓ લેવામાં આવે





નવીદિલ્હી, તા. ૩

સુપ્રિમ કોર્ટે સોમવારે કેન્દ્રને ''ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'' શો પર ચાલી રહેલા વિવાદ વચ્ચે સોશિયલ મીડિયા કન્ટેન્ટને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા ઘડવા જણાવ્યું હતું જેમાં યુટ્યુબર રણવીર અલ્લાહબાદિયા અને કોમેડિયન સમય રૈના દ્વારા સ્પષ્ટ જાતીય સંદર્ભોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ન્યાયાધીશ સૂર્યકાન્ત અને એન કોટીશ્વર સિંહની બેન્ચે જણાવ્યું હતું કે અયોગ્ય ભાષાના ઉપયોગને પ્રતિભા ગણવી જોઈએ નહીં અને ''ખૂબ જ મર્યાદિત નિયમનકારી પગલાં'' લાદવા જોઈએ. ''અમે કોઈ નિયમનકારી શાસન નથી ઈચ્છતા જે સેન્સરશીપ તરફ દોરી જાય.પરંતુ તે બધા માટે મફત ન હોઈ શકે.

તેની પાસે રહેલી રમૂજની ગુણવત્તા જુઓ. રમૂજ એક એવી વસ્તુ છે જેનો આખો પરિવાર આનંદ માણી શકે છે જસ્ટિસ કાંતે કહ્યું હતું કે, ''તમામ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો તે પ્રતિભા નથી.

ખૂબ જ મર્યાદિત નિયમનકારી માપ શું હોઈ શકે તે વિશે વિચારો કે જે સેન્સરશીપ તરફ દોરી ન જાય જેમાં કેટલાક નિયંત્રણ તત્વ હોવા જોઈએ.

કંઈક કરવાની જરૂર છે. જો કોઈને કંઈક જોવાની ઈચ્છા હોય તો... તો અમે જે પ્રસ્તાવ આપીએ છીએ તે યુનિયનને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો છે કે શું કરી શકાય અને તેના પર તમામ હિતધારકો સાથે તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ, જસ્ટિસ કાંતે કહ્યું. દરમિયાન, સર્વોચ્ચ અદાલતે પોડકાસ્ટર રણવીર અલ્લાહબાડિયાને ''નૈતિકતા અને શિષ્ટાચાર'' જાળવવાની અને તે તમામ ઉંમર માટે યોગ્ય છે તેવી બાંયધરી આપવાની શરતે તેના ''ધ રણવીર શો''ને પ્રસારિત કરવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ સૂર્યકાન્ત અને એન કોટીશ્વર સિંહની બેન્ચે અલ્લાહબાડિયાની અરજીની નોંધ લીધી હતી કે પોડકાસ્ટ તેમની આજીવિકાનો એકમાત્ર સ્ત્રોત છે અને તેમના દ્વારા કાર્યરત લગભગ ૨૮૦ લોકો આ શો પર નિર્ભર હતા. જો કે, બેન્ચે તેને અત્યારે વિદેશ પ્રવાસ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તે કેસની તપાસમાં જોડાશે પછી તેની પ્રાર્થના પર વિચાર કરવામાં આવશે.

અલાહાબાદિયા, જેઓ બેરબાઈસેપ્સ તરીકે જાણીતા છે, તેમની માતા-પિતા અને સેક્સ અંગેની ટિપ્પણીઓ બદલ અનેક ત્રઁઈછ દાખલ કરવામાં આવી હતી. કોમેડિયન સમય રૈનાના શો ''ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'' માં ભાગ લેનાર અલ્હાબાદના રહેવાસીને સુપ્રીમ કોર્ટે ૧૮ ફેબ્રુઆરીએ ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું. ઉપરાંત, તેમની ટિપ્પણીઓને ''અશ્લીલ'' ગણાવી હતી અને તેણે કહ્યું હતું કે તેનું ''ગંદું મન'' છે જેનાથી સમાજ શરમ અનુભવે છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### આજની મહિલા એ વિચારવા જેવો પ્રશ્ન! કે હું મારી માતા જેમ જીવી શકીશ ?



મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૮ માર્ચ આવે છે અને એ દિવસને પૂરાં વિશ્વમાં મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તો આ વખતે મંગળવારે ચિંતનમાં મા, મમ્મી, મોમ કે બા જે કહેતા હોઈએ એની વિશે જરા વિચારીને એને પણ થોડું માન આપીએ. નાના હતાં ત્યારે તો સ્ત્રી, નારી, મહિલા,એ શક્તિ અવતાર છે, અને એવા ભારેખમ શબ્દો ફક્ત કાર્યક્રમોમાં માં જ સાંભળ્યા હતાં. હા ઘરમાં જ બે મહિલા એટલે મમ્મી અને દાદી હતાં, પણ એને જ મહિલા કહેવાય! એવી ખબર ક્યાં પડતી હતી! અને પડવાં લાગી ત્યારે એમ થયું કે, એમનાં આટલાં મોટાં સમર્પણનો બદલો આપણે કે ઘર પરિવાર એ તો કોઈ દિવસ ચૂકવ્યો જ નથી.

એમ સમજો ને લગભગ લગ્ન સુધી આ બાબત કાયમ બાળક બુદ્ધિ જ રહી! સહજ વાત કરીએ તો મા એટલે મા, તે એક સ્ત્રી છે, નારી છે, કે મહિલા છે, તેવી તો ત્યારે ખબર જ ક્યાં હતી,અને અત્યારે સ્ત્રી શબ્દ સાંભળતા જ સૌથી પહેલો જો કોઈ ચહેરો નજર સામે આવે તો એ મા છે, એણે જ તો જીવનમાં બધા રંગ ભર્યા હતા. ક્યાં દુર નજર ફેકવી, અમારે માટે તો એ જ દેવી, એ જ નારી, એ જ મહિલા, અને એ જ ઈશ્વર. મા.. શબ્દ સાંભળતા જ નજર સામે જે ચહેરો આવે છે તે ઈશ્વરથી જરાય કમ નથી, અને હવે તો આમ પણ તેને ફોટામાં જ જોવાની છે. ખરેખર આજના આ યુગ જેવો તે યુગ નહતો, આટલી આધુનિકતા ત્યારે દરેક પરિવારોમાં પ્રવેશી નહોતી! અને સ્ત્રી કે મા તે કોઈ આદર્શની મોહતાજ નહોતી. એટલે કે એટલાં માન સન્માનની અધિકારી ચોક્કસ હતી પણ તો જ કામ થશે! એવી કોઈ શરત નહોતી. તેના માટે તેનો ઘર-પરિવાર એ જ સર્વસ્વ હતું. આજે આપણી માટે પણ પરિવાર જ મહત્વનો છે,પણ દરેક સ્ત્રી પોતે કબૂલ કરશે કે, તેની મા કરતા તેને ઓછુ સહન કરવું પડ્યું છે. આપણે દિકરી, યુવતી, બધાજ કિરદાર બખૂબી નિભાવ્યા, પણ જ્યારે આ મુકામ આવ્યો, ત્યારે સૌથી વધુ દરેક જણને, એક વાર એ સ્ત્રીને નમન કે વંદન કરવાનો વિચાર આવ્યો હશે! કારણ બધા જ જાણીએ છીએ કે, શું મમતાની એ મૂર્તિ જેવા આપણે થઈ શકીશું? એ પ્રશ્નાર્થ તો થશે જ. તો આપણી જન્મદાત્રી મમતાની મૂર્તિને એટલે કે મા ને આ મહિલા દિવસ નિમિત્તે કોટી કોટી વંદન.

દરેક બાળકી, કિશોરી, યુવતી, સ્ત્રી, નારી મહિલા, આમ એ એક પછી એક અવસ્થા પાર કરતાં મહિલા સુધી પહોંચે છે. બાળકી, કિશોરી,અને યુવતી સ્વરૂપે પિતાને ઘેર જે રીતે ઉછરી હોય, એ તમામ લાડકોડ છોડીને પતિના ગૃહે આવે છે, હવે તે એક નવા પરિવારને પોતાનો બનાવવા કટિબદ્ધ થાય છે.અહી તે પત્નીની સાથે સાથે અન્ય સંબંધ નિભાવતી માતા સુધી પહોંચે છે. આપણી માતા એ પણ એ જ રીતે બાળકી માંથી માતા કે મહિલા સુધીની સફર તય કરી હતી! અને આજે વિચારીએ તો આપણે પણ એ બધાં કિરદાર નિભાવીને આ મુકામ પર પહોંચ્યા છીએ, હવે સમયનો બદલાવ કહો કે સમયની માંગ! પણ આપણને એ કિરદાર નિભાવવા માટે લાડ મળ્યા! અને એને સખ્તી ! એ વખતનો સમય કિશોરી કે યુવતી માટે બહુ પ્રતિબંધિત હતો! સારો હતો કે ખરાબ એમાં આપણે જવું નથી, પણ એટલે એ સમયની મહિલા ને ક્યારેય સ્વતંત્ર પણે જીવવાનો મોકો મળ્યો નથી, એટલું તો કબુલવું પડે! શું પહેરવું? શું ખાવું? શું પીવું અને ક્યારે ઉઠવું? ક્યારે સુવું? કોની સાથે બોલવું? કોની સાથે બહાર જવું? કોણ ઘરે આવી શકે? આ બધાં જ નિર્ણય લગ્ન પહેલા પિતા કરતાં, લગ્ન પછી પતિ અને પછી પુત્ર! એટલે એમ ચોક્કસ પણે કબુલવું પડે કે આપણે એ રીતે નસીબદાર છીએ. પણ એને સમર્પણ કહેવું કે પછી સમાધાન કર્યું એમ કહેવું વધારે યોગ્ય છે?? એ પ્રશ્નાર્થ પણ યથાર્થ છે.

જો સમાધાન હોય તો શું આપણે એ કરી શકીશું? પણ મા તો મા! છતાં એ સમયને યાદ કરીએ! બાળકનો સૌથી પહેલો પરિચય તેની માતા સાથે થાય છે, અને સૌ કોઈ જાણે છે કે કોઈ માતાથી વધારે મમતાનો સંબંધ કોઈ નિભાવી શકતું નથી. દુનિયામાં બાળકથી વધારે તેને માટે કોઈ મૂલ્યવાન સંપત્તિ હોતી નથી,. લગભગ દરેક માતા પોતાના સંતાનો માટે જ જીવતી હોય છે, અને આ કોઈ નવું સત્ય તો છે નહીં! પણ હાં! આજકાલ હવે સંતાન બંધન છે એવું સમજી ઘણા કરતાં પણ નથી. પરંતુ માત્ર પુરુષોની વાત માનવી એવું નહોતું, અને એમ ક્યારેક અન્યાય થતો દીકરા દીકરીનો ભેદ થતો! કે પછી વિચોરોના વૈમનસ્ય ને કારણે પૂર્વગ્રહ પણ મહત્વની ભૂમિકા ભજવતો! એ પરથી કહી શકાય કે ત્યારે સશક્તિકરણની ખોટ હતી, જોકે આજે પણ સશક્તિકરણની ખોટ છે જ! અને એટલે જ સંયુક્ત કુટુંબ તૂટે છે. એક ઘરમાં પાંચ સ્ત્રી શક્તિ, એટલે કે બે દીકરી એક પુત્રવધુ એક સાસુ અને એક અન્ય, એમ જીવતી હોય તો પાંચે પાંચ એક થાય તો કોઈ તેની વાત કાપી શકે નહીં. પરંતુ અંદરોઅંદરના મતભેદ અને મનભેદ, કે કહેવાતા આદર્શોને ને નિભાવી શકી નહીં, એ કારણે અંદરોઅંદર ના નાના મોટા ઝઘડા થતાં હોવાથી, આ શક્તિ સ્ત્રોત પોતાનું ધાર્યું કામ ન કરાવી શકે.જો મહિલા ઇચ્છતી હોય કે સમાજનો એક વ્યક્તિ તેને માન આપે, તો સૌપ્રથમ દરેક મહિલાઓએ આ બાબત પર પહેલા એક થવું પડશે! એટલે કે સાસુએ પોતાનો પુત્ર અને અન્ય એની પુત્રવધૂ ને માન આપવું જોઈએ એ વાત સહજ સ્વીકારી લેવી જોઈએ અને ન અપાતું હોય ત્યાં કડક થવું જોઈએ.

સમયની માંગ કહો કે શિક્ષણ નો વ્યાપ કહો એને કારણે આજની સ્ત્રીઓ હવે ઘણી હદે સ્વતંત્ર થઈ ચૂકી છે! પણ જે માન સન્માનની અધિકારી એ પોતાને સમજે છે, એ જ માન એણે પોતાના પરિવારની મુખ્ય મહિલા ને આપવું ઘટે! તદ ઉપરાંત એણે પણ પોતાના જીવનમાં કરેલા સમાધાન કે સમર્પણને બિરદાવવા આગળ આવવું પડશે અને અત્યારના સમયમાં જે કંઈ આપી શકાય એવું સુખ આપવા કોશિશ કરવી જોઈએ, તો જ સશક્તિકરણ થશે, અને તો જ પરિવારમાં અને સમાજમાં એને સાચું માન સન્માન મળશે!: તો આપણે તો દરેક મહિલા પોતાના અસ્તિત્વના સાચા અર્થને સમજી સ્ત્રી ની ગરિમા વધે એવું જીવવા કટિબદ્ધ થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### જ્યાં સુધી લોકો જાગૃત નહિ બને ત્યાં સુધી ગઠીયાગીરી કાબુમાં નહિ આવે

# યુવાનને ડિજીટલ એરેસ્ટ કરી અડધો કરોડ પડાવી લેતાં ગઠીયા

### બીજા બનાવમાં ચિત્રકારે ટાસ્ક પુરા કરી કમાણી કરી લેવાની લાલચમાં સાત લાખ ગુમાવ્યા

રાજકોટઃ ડિજીટલ એરેસ્ટ કરી તેમજ ઓનલાઇન અલગ અલગ સ્કીમો બતાવી છેતરપીંડી કરવાના બનાવો રોજીંદા થઇ ગયા છે. વધુ એક યુવાનને ડિજીટલ એરેસ્ટ કરી તમારા વિરૂધ્ધ ડ્રગ્સનો કેસ થયો છે કહી ડરાવી ધમકાવી છપ્પન લાખ પડાવી લેવાયા છે. બીજા બનાવમાં ચિત્રકારને ઓનલાઇન ટાસ્ક પુરા કરી કમાણી કરવાની લાલચ આપી સાત લાખનો ચુનો લગાવી દેવાયો છે.

પ્રથમ ઘટના જોઇએ તો આ બનાવમાં પાર્સલમાં બનાવટી પાસપોર્ટ અને ડ્રગ્સ હોવાનું કહીને ડીજીટલ એરેસ્ટ કરતી ગેંગ દ્વારા સોફ્ટવેર ડેવેલોપમેન્ટનું કામ કરતા યુવક વિરૂદ્ધ કેસ થયો હોવાનું કહીને રૂપિયા ૫૬ લાખની રકમ પડાવી લેવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આરોપીઓએ યુવકને ડીજીટલ એરેસ્ટ કર્યો હોવાથી તેને પરિવારથી દુર રહેવાનું હોવાનું કહેતા તે ડરીને ત્રણ દિવસ હોટલમાં જતો રહ્યો હતો. જો કે પરિવારજનોએ તેને ટ્રેક કરીને સમજાવ્યો ત્યારે તને પોતાની સાથે છેતરપિંડી થઇ હોવાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે અમદાવાદ આનંદનગર પોલીસે ગુનો નોંધીને ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી છે.

વધુ માહિતી અનુસાર સેટેલાઇટ પ્રરેણાતીર્થ દેરાસર રોડ પર આવેલા રત્નાકર કેલીડોનીયા એપાર્ટમેન્ટમાં રહેતા કમલેશભાઇ દુધારા સોફ્ટવેર ડેવેલોપમેન્ટનો વ્યવસાય કરે છે. થોડા મહિના પહેલા તેમને અજાણ્યા મોબાઇલ નંબરથી કોલ આવ્યો હતો કે તેમના આધારકાર્ડના નામથી તાઇવાનમાં એક પાર્સલ મોકલેલું છે. જેમાં પાંચ પાસપોર્ટ , ડ્રગ્સ મળી આવ્યું છે. જે અંગે મુંબઇ સાયબર ક્રાઇમમાં




કેસ થયો છે. ત્યારબાદ ક્રાઇમબ્રાંચના અધિકારી તરીકે અન્ય કોઇ વ્યક્તિએ વાત કરીને સ્કાઇપે પરથી વિડીયો કોલ કરીને કમલેશભાઇને ડીજીટલ એરેસ્ટ કર્યા હોવાનું કહીને તેમને સુચના આપી હતી કે તેમને એક રૂમમાં એકલા રહેવાનું છે અને પરિવારના કોઇ સભ્યને જાણ કરવાની નથી.

જેથી કમલેશભાઇ ડરીને બે થી ત્રણ દિવસ ઓફિસનું કામ હોવાથી બે-ત્રણ દિવસ બહાર જવાનું કહીને ઘરેથી નીકળી ગયા હતા અને સિંધુ ભવન ખાતે આવેલી એક હોટલમાં રહેવા માટે ગયા હતા. જ્યાં તેમને સતત વિડીયો કોલમાં જોડી રાખીને નાણાંકીય વ્યવહાર તપાસવાનું રહીને તેમના બેંક એકાઉન્ટમાં કુલ ૫૬ લાખ જેટલા નાણાં કોલ કરનારે આપેલા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. જે ૨૪ કલાકમાં પરત અપાવવાનું કહેવામાં આવ્યું હતું. બીજી તરફ કમલેશભાઇના પરિવારજનોને શંકા જતા તપાસ કરીને હોટલ પર પહોંચીને સંપર્ક કર્યો હતો. ત્યારે કમલેશભાઇને તેમની સાથે છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે તેમણે ફરિયાદ નોંધાવતા આનંદનગર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

બીજો કિસ્સો પાટનગરમાં બન્યો છે. ગાંધીનગર˘ શોર્ટ ટાઇમ ઇન્વેસ્ટમેન્ટનાં નામે ટુંકા સમયમાં મોટી કમાણી કરવાની ઓનલાઇન લાલચ આપીને ગઠિયાઓએ ગાંધીનગરના ચિત્રકારને રૂપિયા સાતલાખ ઉપરાંત રકમનો ચુનો લગાવી દીધાનો બનાવ બન્યો છે. ચિત્રકામ શીખવવાના ક્લાસ ચલાવીને ગુજરાન ચલાવતા યુવાને આ સંબંધમાં ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં દેવશરણમ્ એપાર્ટમેન્ટમાં રહેતા ચિત્રકાર દિપેન રમણીકભાઇ જોષીએ આ સંબંધમાં ફરિયાદ નોંધાવી છે.

તેમાં જણાવ્યા -માણે તેને અજાણ્યા નંબર પરના વોટ્સએપ દ્વારા ઇઝરાકીંગ ડિજીટલ પાર્ટનર ઇન્ડિયા ૧૫૧ નામના ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો. તેમાં એડ કરવામાં આવ્ય બાદ જુદી જુદી વોટ્સએપ ચેનલને ફોલો કરવાના ટાસ્ક આપવામાં આવ્યા હતાં.

તે દરમિયાન જુદા જુદા શોર્ટ ટાઇમ ઇન્વેસ્ટમેન્ટ ટાસ્ક આપવામાં આવ્યા હતાં. જે પુરા કરવા બદલ શરૂઆતમાં કમિશન આપીને વિશ્વાસ કેળવવામાં આવ્યા બાદ વિશ્વાસ કેળવ્યા પછી રૂપિયા ૩૦ હજારથી શરૃ કરીને ૫૦ હજાર, ૨.૨૦ લાખ, ૩.૬૦ લાખ, ૪૦ હજાર, ૫ હજાર એમ ટુકડે ટુકડે રૃપિયા ૭.૦૫ લાખની રકમ ગઠિયાઓએ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા પછી ફરિયાદીને ચિટીંગ થઇ રહ્યાની શંકા જતાં મિત્રને વાત કરી હતી. જેના પગલે ફરિયાદીને તેની સાથે ઓનલાઇન ફ્રોડ થિ ગયાનો ખ્યાલ આવતા આખરે પોલીસનું શરણુ લીધુ હતું.

આમ ડિજીટલ એરેસ્ટ અને ટાસ્કના નામે વધુ બે લોકોએ લાખો ગુમાવી દીધા હતાં. લોકો ચેતતા નથી એટલે ગઠીયાઓ ફાવી જાય છે. તે વાત ફરી આ બે કિસ્સામાં સામે આવી છે.

# સૌ. યુનિનો ૫૯મો પદવીદાન સમારોહ : રાજ્યપાલ નહીં રહે હાજર

### પદવીદાન સમારોહમાં ૪૨૬૭૭ પદવીઓ સાથે ૧૩૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૨૨૧ પ્રાઇઝ એનાયત કરાશે



રાજકોટ, તા. ૩

આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો ૫૯મો પદવીદન સમારોહ કાનજી ભુટા બારોટ રંગમંચ ખાતે યોજાશે હાલ આ કાર્યક્રમ અંતર્ગત તમામ તૈયારીઓને યુનિવર્સિટી દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે પરંતુ આજના આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત હાજર નહીં રહે કારણકે નાદુરસ્ત તબિયતના કારણે તેમના કાર્યક્રમમાં બદલાવ આવ્યો છે. પદવીદાન સમારોહ માટે કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીના માર્ગદર્શન હેઠળ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.આ પદ્વીદાન સમારોહ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવેલ હતો પરંતુ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી નાદુરસ્ત તબીયતના કારણે આ સમારોહમાં હાજર રહી શકે તેમ હોય હવે તેમની ગેરહાજરીમાં સમારોહ યોજાશે.

સમારોહમાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા અમદાવાદ ઈસરોના ડાયરેકટર નીલેષભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે. આ પદ્વીદાન સમારોહમાં ૪૨૬૭૭ દિક્ષાર્થીઓને પદવીઓ સાથે ૧૩૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૨૨૧ પ્રાઇઝ એનાયત કરાશે. યુનિ.ના સોશ્યલ મીડીયામાં આ સમારોહનું લાઈવ પ્રસારણ કરાશે. સમારોહમાં જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થીની રામચંદાણી તારીકાને એમ.બી.બી.એસ.માં સૌથી વધુ ૦૪ ગોલ્ડમેડલ અને ૦૩ પ્રાઈઝ, જામનગરની એમ.પી. શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થી ગાંધી ઝોહરને એમ.બી.બી.એસ. માં ૦૩ ગોલ્ડમેડલ અને ૦૭ પ્રાઈઝ, પ્રભાબેન પટેલ કોલેજ, મોરબીની વિદ્યાર્થીની વ્યાસ દેવાંગીનીને એલ.એલ.બી.માં ૦૩ ગોલ્ડમેડલ અને ૦૬ પ્રાઈઝ, મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીની વિદ્યાર્થીની ડાભી ભૂમિકાબેનને બી.એ. ગુજરાતીમાં ૦૩ ગોલ્ડમેડલ તથા ૦૨ પ્રાઈઝ એનાયત થશે.

### મહામુલી જિંદગીને અચાનક ટુંકાવી લેવાની ઘટનાઓ આપી જાય છે સ્વજનોને કારમો આઘાત

# પત્નિ સાથે વિડીયો કોલ પર વાત કર્યા બાદ પતિએ જિંદગી લટકાવી દીધી!

### યાજ્ઞિક રોડના એપાર્ટમેન્ટમાં બનાવથી અરેરાટીઃ બીજા બનાવમાં પરિવારજનો સગપણની વાત કરતાં હોઇ ન ગમતાં લોહાનગરની યુવતિએ ફાંસો ખાઇ મોત મેળવ્યુંઃ વાંકાનેર BSNL કચેરીના ઓફિસરનો બિમારીથી કંટાળી આપઘાત

રાજકોટઃ અલગ અલગ કારણોસર લોકો મહામુલી જિંદગીનો અંત આણી લેતાં હોય છે. અમુક ઘટનાઓમાં તો જે તે મૃતક કારણ પણ પોતાની સાથે લઇ જતાં હોય છે. આત્મહત્યાની વધુ ત્રણ ઘટનાઓ બની છે જેમાં એક યુવાને બહારગામથી રાજકોટ આવી રહેલા પત્નિ સાથે વિડીયોકોલમાં લાંબી વાત કર્યા બાદ અચાનક ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બીજા કિસ્સામાં અઢાર વર્ષની યુવતિને સગપણ કરવું ન હોઇ આપઘાત કરી લીધો હતો. જ્યારે ત્રીજા બનાવમાં બીએસએનએલના ઓફિસરે કચેરીમાં જ ઝેર પી લીધા બાદ સારવારમાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના ડો. યાજ્ઞિક રોડ પર એપાર્ટમેન્ટમાં રહેતાં અને લોકોને માંગણી મુજબ અલગ અલગ કામના કારીગરો પુરા પાડવાનું કામ કરતાં ચાલીસ વર્ષના યુવાને સાંજે જામનગરથી પરત આવી રહેલા પત્નિ સાથે અડધો કલાક સુધી વિડીયો કોલમાં વાત કર્યા બાદ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ડો. યાજ્ઞિક રોડ પર અજય એપાર્ટમેન્ટની બાજુમાં રાઠોડ પાનવાળી શેરીમાં આવેલા બિપીન એપાર્ટમેન્ટના ચોથા માળે રહેતાં ચાલીસ વર્ષના યુવાન રમેશભાઇ વિનુભાઇ માંડલીયાએ પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધાની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના ઇએમટી તબિબ



શુલભભાઇએ તપાસ કરી રમેશભાઇને મૃત જાહેર કરતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ પોલીસ કન્ટ્રોલ રૂમના ઇચર્જ વી. એસ. ચૌહાણે કરતાં એ-ડિવીઝનના પીએસઆઇ એસ. એમ. રાણા સહિતના સ્ટાફે ત્યાં પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ રમેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને અલગ અલગ કામ જેમ કે પ્લમ્બીંગ કામ, કડીયા કામ, ઇલેક્ટ્રીક કામ કરાવવા ઇચ્છતા લોકોને આ કામના કારીગરો પહોંચાડવાનું કામ કરતાં હતાં. તેને સંતાનમાં બે પુત્ર છે. ગઇકાલે તેમના પત્નિ પ્રસંગમાં જામનગર ગયા હતાં. સાંજે તે પરત આવી રહ્યા હતાં ત્યારે તેની સાથે લગભગ અડધો કલાક સુધી વિડીયો કોલમાં વાત કરી હતી. બાદમાં પત્નિ આઠેક વાગ્યે ઘરે પહોંચ્યા ત્યારે પતિને લટકતાં જોતાં હતપ્રભ થઇ ગયા હતાં. પત્નિએ કહ્યું હતું કે વિડીયો કોલમાં પતિ હસીખુશીની વાત કરતાં હતાં. તે આવુ પગલુ ભરી લેશે તેવો જરાપણ અણસાર નહોતો. કોઇ માથાકુટ પણ થઇ નહોતી. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. આ બનાવને પગલે બે બાળકોએ પિતાની છત્રછાંયા ગુમાવી દેતાં માંડલીયા પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજા બનાવમાં શહેરના ગોંડલ રોડ પર લોહાનગર રામાપીરના મંદિર પાસે રહેતી અઢાર વર્ષની કુમકુમ કિરીટભાઇ પરમાર નામની યુવતિએ સાંજે ઘરના રૂમમાં લોખંડના એંગલમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કુમકુમે ગળાફાંસો ખાઇ લેતાં પરિવારજનો જોઇ જતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના એએસઆઇ રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં એ-ડિવીઝનના હેડકોન્સ. સાગરભાઇ માવદીયાએ કાર્યવાહી કરી હતી.આત્મહત્યા કરી લેનારી કુમકુમના માતા-પિતા હયાત નથી. તે એક ભાઇથી નાની છે. તેણી કાકા-કાકી સાથે રહે છે. હાલમાં જ તેના ભાઇના લગ્ન કરવામાં આવ્યા હતાં. હવે તેણીના સગપણની વાતચીત પણ પરિવારજનોએ ચાલુ કરી હતી. પરંતુ તેણીને હાલમાં સગાઇ કરવાની ઇચ્છા નહોતી. કદાચ આ કારણે પગલુ ભરી લીધાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

આપઘાતના ત્રીજા બનાવમાં વાંકાનેરના રાતીદેવડી ગામે રહેતાં અને વાંકાનેર બીએસએનએલ કચેરીમાં ઓફિસર તરીકે નોકરી કરતાં બેતાલીસ વર્ષના ઇરફાનભાઇ ઇસ્માઇલભાઇ માથકીયાએ એ બીએસએનએલ કચેરીમાં ઝેરી દવા પી લીધી હતી. તેમનું સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. ઇરફાનભાઇ માથકીયા વાંકાનેર બીએસએનએલ કચેરીમાં જીટીઓ ઓફિસર તરીકે નોકરી કરતાં હોઇ ગત ૨૪/૨ના રોજ કચેરીમાં જ ખડમાં છાંટવાની દવા પડી હોઇ તે પી ગયા હતાં. વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત રાતે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના રામશીમાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇએ વાંકાનેર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. કેટલાક સમયથી મ.ઇરફાનભાઇને માનસિક તકલીફ થઇ ગઇ હોઇ તેની દવા ચાલુ હતી. આ બિમારીને કારણે તેમણે આ પગલુ ભરી લીધાનું પરિવારના લોકોએ જણાવતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### છોકરાઓની તકરાર, ખરાબ વાતો ફેલાવવાની ના પાડવી અને જુના મનદુઃખને કારણે હથીયાર ઉડ્યા

# દે ધનાધનઃ પોતાના જ તૂટી પડ્યાની ત્રણ ઘટનાઃ એકનો પગ ભાંગ્યો

## ધોકા-પાઈપ-સળીયા-બેટનો મારામારીમાં છુટથી ઉપયોગઃ ઘાયલોને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

રાજકોટઃ રોજબરોજ કોઇને કોઇ કારણોસર મગજ ગુમાવી બેસતો માણસ કોઇના પર હાથમાં આવે એ હથીયારથી તૂટી પડી સામેવાળાને લોહીલુહાણ કરી મુકતો હોય છે. ઘણીવાર ઘા એવા પડે છે કે હાથ પગ પણ ભાંગી તૂટી જાય છે. નાના મોટા જીણા જાડા કારણોસર બટાઝટીની ઘટનાઓ બની હતી. ત્રણ એવા બનાવો સામે આવ્યા છે જેમાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા એક મહિલા સહિત ત્રણને પોતાનાઓએ જ એટલે કે સગા કે પરિચીતોએ જ ધોકા-પાઇપ-સળીયા-બેટ સહિતના હથીયારોના ઘા ઝીંકી પાડી દીધા હતાં. આ બનાવોમાં ઘવાયેલા તમામને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી પોલીસને જાણ કરવામાં આવી હતી.







પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલમાં સરવૈયા શેરીમાં રહેતાં અને શો રૂમમાં નોકરી કરવાની સાથે સાથે હોમગાર્ડ જવાન તરીકે પણ ફરજ બજાવતાં બત્રીસ વર્ષના વિજયભાઇ જીતેન્દ્રભાઇ મકવાણા નામના યુવાન પર રાતે દસેક વાગ્યે ગોંડલમાં સાંઢીયા પુલ નજીક વૃંદાવન સોસાયટીમાં રહેતાં તેના મોટા ભાઇ મૌલિકભાઇના ઘર નજીક બેટ, પાઇપ, ધોકાથી હુમલો થતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિજયભાઇના કહેવા મુજબ તેના પત્નિને એકાદ મહિના પહેલા માસીયાઇ ભાઇના કોઇ સગાએ મેસેજ કરતાં તે બાબતે તેને સમજાવવાનું કહેતાં માથાકુટ થતાં પોલીસમાં અરજી કરી હતી. જેના કારણે અટકાયતી પગલા લેવાયા હતાં. આ બાબતનો ખાર રાખી પોતાના પર હુમલો કરાયો હતો. પોતે રાતે મોટા ભાઇને મળવા ગયો ત્યારે ભાઇ હાજર ન હોઇ નજીકમાંથી અચાનક જ માસીયાઇ ભાઇ આનંદ પરમાર, અંકિત પરમાર, ગડુ અને અજાણ્યા શખસોએ ધસી આવી બેટ, ધોકા, પાઇપથી હુમલો કર્યો હતો. પોલીસે ફરિયાદ દાખલ કરવા તજવીજ આદરી હતી.

બીજા બનાવમાં ઉનાના કેસરીયા ગામે રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં ગભરૂભાઇ ચાંદરભાઇ વાંજા નામના અડતાલીસ વર્ષના આધેડ પર વાડીએ હતાં ત્યારે ભાઇ અરજણ વાંજા, ભત્રીજા મહેશ વાંજા, વિપુલ વાંજા સહિતનાએ સળીયા, પાઇપથી હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડતાં ઉના સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ છે. ગભરૂભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં બે પુત્ર છે. પરિવારજનોએ કહ્યા મુજબ ગભરૂભાઇના સગીર પુત્ર અને તેના ભાઇના છોકરા વચ્ચે રમતાં રમતાં ઝઘડો થતાં ગાળાગાળી થયા બાદ મોટા લોકો બાખડી પડ્યા હતાં. જેમાં ગભરૂભાઇ પર હીચકારો હુમલો થતાં બંને પગ ભાંગી ગયા હતાં અને માથામાં પણ ગંભીર ઇજા થઇ હતી.

ત્રીજા બનાવમાં જસદણના ભાડલા તાબેના વેરાવળ ગામે રહેતાં ચોવીસ વર્ષના પીરણીતા મીરાબેન ભાવેશભાઇ ગોવાણીને તેના જેઠ વિશાલ બીજલભાઇ અને રાયધન બીજલભાઇએ લાકડીથી માર મારતાં માથામાં શરીરે ઇજાઓ થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇએ ભાડલા પોલીસને જાણ કરી હતી. મીરાબેનના પતિ ખેતી મજૂરી કરે છે. તેણીએ કહ્યું હતું કે કુટુંબી જેઠ મારી ખોટી વાતો કરતાં હોઇ તેને આ રીતે વાતો કરવાની ના પાડી સમજાવવા જતાં બંને ઉશ્કેરાઇ ગયા હતાં અને લાકડીથી હુમલો કર્યો હતો. આમ ત્રણ ઘટનામાં નાના મોટા કારણે બટાઝટી બોલી ગઇ હતી અને હથીયારોનો છુટથી ઉપયોગ થયો હતો. ઘાયલોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં જે તે વિસ્તારને પોલીસે રાજકોટ પહોંચી એફઆઇઆર દાખલ કરવા કાર્યવાહી હાથ ધરી હતી.

### ફાયર સેફ્ટી મેઈન્ટેનન્સના કોન્ટ્રાક્ટમાં સાડા ત્રણ કરોડ ખવાઈ ગયાનો ચોંકાવનારો આક્ષેપ

# PDU સિવિલ હોસ્પિટલમાં વધુ એક વખત ધુણ્યું ભ્રષ્ટાચારનું ભૂત

## કોંગી આગેવાનોએ તબિબી અધિક્ષકની ચેમ્બર સુત્રોચ્ચારથી ગજાવીઃ જવાબદારો સામે તુરંત કાર્યવાહી કરવા માંગણી






રાજકોટઃ સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ કોઇને કોઇ કારણોસર અવાર-નવાર ચર્ચાના ચકડોળે ચડતી રહે છે. વધુ એક વખત હોસ્પિટલમાં ભ્રષ્ટાચારનું ભૂત ધુણતું થયું છે. શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી ફાયર સાધનોની જાળવલી (મેઈન્ટેનન્સ)માં તત્કાલીન સુપ્રિન્ટેન્ડન્ટ આર.એસ. ત્રિવેદી, વહીવટી અધિકારી અને પેઢી વિશ્વા ગૃપ ઓફ કંપની દ્વારા ભેગા મળી ટેન્ડરની શરતોનું ખોટું અર્થઘટન અને ઉલ્લંઘન કરી રૂા. ૩,૫૪,૩૨,૬૩૮ (રૂપિયા ત્રણ કરોડ ચોપન લાખ બત્રીસ હજાર છસ્સો આડત્રીસ પુરા)નો ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આક્ષેપ કરી શહેર કોંગ્રેસ દ્વારા તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયાને વિસ્તૃત આવેદનપત્ર પાઠવી પગલા ભરવા માંગણી કરવામાં આવી છે. સુત્રોચ્ચાર કરીને અલગ અલગ બેનર સાથે પહોંચીતે કોંગ્રસીજનોએ તબિબી અધિક્ષકની ચેમ્બર ગજાવી દીધી હતી.

કોંગ્રેસે રજુઆતમાં છે કે રાજકોટ સિવિલ હોસ્પીટલના તત્કાલીન સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ આર.એસ. ત્રિવેદી આ બીલોની ચકાસણી કરી પ્રમાણીત કરનાર ટેકનીકલ સુપરવાઈઝર અધિકારી વહીવટી અધિકારીઆરએમઓ અને આ કામની એજન્સી વિશ્વાસ ગૃપ ઓફ કંપની સામે ન્યાયીક તપાસ કરાવી પ્રજાની તિજોરીમાંથી ફરજ બેદરકારી, મીલાપીપણું કરી ગેરકાયદેસર રીતે સાથે મળી આચરેલ નાણાકીય કૌભાંડની સીલ-સીલાબંધ વિગતો મેળવી નાણા વસુલવા કાર્યવાહી કરવા અને આ કૌભાંડના દરેક સામે ખાતાકીય તેમજ ફોજદારી પગલાઓ ભરવા આપની કક્ષાએથી ન્યાયોચીત કાર્યવાહી કરવા અને આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની અમોને લેખીતમાં જાણ કરવી. કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે કે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં વિશ્વાસ ગૃપ ઓફ કંપનીને વાર્ષિક ધોરણે અપાયેલ મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટમાં ટેન્ડરની શરતો મુજબ આખી હોસ્પીટલનું ફાયર મેઈન્ટેનન્સ કરવાનું હતું. પછી શા માટે વિભાગ પ્રમાણે બીલો મુકી પાસ કરાવવામાં આવ્યા? વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના નવા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા ત્યારે આ કામની અલગ અલગ એજન્સીઓ દ્વારા ત્રણ ગણા ભાવ વધુ હોય તેમ કહી પરચેઝ કમિટિએ નામંજુર કરેલ અને શંકાજનક રીતે ૨૦૨૪ સુધી વિશ્વાસ એજન્સી પાસે જ કામગીરી કરાવવામાં આવી?

આગળ જણાવાયુ હતું કે બીજી-કે-ત્રીજીવાર ટેન્ડર પ્રસિધ્ધ કરી નવી એજન્સી માટે કોઈજ નિયમ અનુસાર કાર્યવાહી શા માટે કરવામાં ન આવી? આ ઉપરાંત ફાયર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટમાં પી.ડી.યુ. હોસ્પીટલની કુલ કેટલી બીલ્ડીંગનો સમાવેશ કરવામાં આવેલ અને આ બીલ્ડીંગોનું વિંગ મુજબ વર્ગી કરણ કઈ રીતે કરવામાં આવેલ? ફાયર સેફ્ટી મેઈન્ટેનન્સની ૧ વર્ષમાં કેટલી સર્વિસ આપવા નક્કી કરવામાં આવેલ? ફાયર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટરને કુલ ચુકવવામાં આવેલ નાણા રૂા. ૩,૫૪,૩૨,૬૩૮થી કયા પ્રકારનું મેઈન્ટેનન્સ કરવામાં આવ્યું? સાધન સામગ્રી ખરીદીના કુલ કેટલા બીલ આવ્યા, ખરીદી અંગે કુલ કેટલી રકમ ચુકવી? આ સહિતની તપાસ કરી જવાબદારો સામે પગલા ભરવા માંગણી કરવામાં આવી છે. આ રજૂઆતમાં શહેર કોગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, એડવોકેટ અશોક સિંહ વાઘેલાની આગેવાનીમાં જસવંતસિંહ ભટ્ટી, કલ્પેશ કુંડલીયા, તુષાર નંદાણીયા, સંજય અજુડીયા, કનકસિંહ જાડેજા, અજીત વાંક, મયુરસિંહ પરમાર, મથુરભાઇ માલવી, કેતન ત્રાડા, ગૌરવ પુજારા, નંદાભાઇ ડાંગર, ગેલાભાઇ મુછડીયા, જસાભાઇ કુગશીયા, હરેશ પરમાર, દિલીપ આસવાણી, દિપુબેન રવૈયા સહિતના આગેવાનો, કોંગી કાર્યકરો સામેલ થયા હતાં અને કૌભાંડ આચરનારા સામે કાર્યવાહીની માંગણી કરી હતી.

# ધરમનગર શાક માર્કેટમાં મહિલાના ગળામાંથી ચેઈન સેરવાઈ ગયો

### ક્રાઈમ બ્રાંચે અમુક શકમંદને ઉઠાવી પુછપરછ શરૂ કરી

રાજકોટઃ શહેરમાં ચોરીનો વધુ એક બનાવ બન્યો છે. ચોર ગઠીયા અત્ર તત્ર સર્વત્ર પડ્યા પાથર્યા રહેતાં હોય છે. ઓમનગર સર્કલ પાસે શાક માર્કેટમાં એક મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન સેરવી લેવામાં આવ્યો હતો. આ બનાવમાં તાલુકા પોલીસે દોઢસો ફુટ રીંગ રોડ ઓમનગર મેઈન રોડ ગીરનાર સોસાયટી-૧ બહુચર મકાનમાં રહેતાં પંચાવન વર્ષના લાભુબેન છગનભાઇ પાણખાણીયા નામના મહિલાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો લાભુબેન પાણખાણીયા ઓમનગર સર્કલ નજીક ૪૦ ફુટ ધરમનગર રોડ પર આવેલી શાક માર્કેટમાં સાંજે છએક વાગ્યાથી સાડા છ સુધી શાકભાજી ખરીદવા ગયા હતાં. આ વખતે કોઇ નજર ચુકવી તેમના ગળામાંથી રૂા. ૩૦ હજારનો સોનાનો એકાદ તોલાનો ચેસન સેરવી ગયું હતું. તેઓ ઘરે આવ્યા ત્યારે ગળામાં ચેઈન ન દેખાતાં તપાસ કર્યા બાદ પોલીસને જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ જી. કે. પરમારે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ ગુનામાં કેટલાક શકમંદોની ક્રાઇમ બ્રાંચ દ્વારા પુછતાછ શરૂ થઇ હોઇ ગુનો ઉકેલાઇ જવાની આશા છે.

# ગૌ સેવા મિત્ર મંડળ દ્વારા કાલે વડીયામાં ૧૧ દીકરીના સમૂહલગ્ન

### જૂની હવેલી ગ્રાઉન્ડ, કૃષ્ણપરા, ત્રણ દરવાજા પાસે યોજાશે સમુહલગ્ન

રાજકોટ મિરર તા.૩

અમરેલીના વડીયામાં શ્રી ગૌસેવા મિત્ર મંડળ દ્વારા સર્વે જ્ઞાતિની ૧૧ દીકરીઓ આવતીકાલ તા. ૫ ના રોજ પ્રભુતામાં પગલાં પાડશે. આ તકે ગત વર્ષે યોજાયેલ સમુહ લગ્નના વર-કન્યાઓની વર્ષગાંઠની પણ ઉજવણી કરવામાં આવશે

શ્રી ગૌસેવા મિત્ર મંડળ, વડીયા આયોજિત સર્વ જ્ઞાતિની આર્થિક પછાત વર્ગની ૧૧ દીકરીના ચોથા સમૂહ લગ્નોત્સવનું જાજરમાન આયોજન આવતીકાલે થશે. જૂની હવેલી ગ્રાઉન્ડ, કૃષ્ણપરા, ત્રણ દરવાજા ખાતે યોજાનાર સમૂહ લગ્નોત્સવની માહિતી આપતા લલીતભાઈ વડેરીયા (કાળુ મામા) અને હર્ષદ સાગરએ જણાવ્યું હતું કે વડીયા ખાતે છેલ્લા ચાર વર્ષથી સમૂહ લગ્નોત્સવનું આયોજન વડીયાના ગૌ સેવા મિત્ર મંડળ સમૂહ લગ્ન સમિતિના આયોજક વડીયાના સરપંચ મનીષભાઈ ઢોલરીયા; લલીતભાઈ વડેરીયા (કાળુ મામા); રમેશભાઈ સંઘાણી, દિનેશભાઈ સેજપાલઃ ભરતભાઈ વઘાસિયા; અશ્વિનભાઈ ઊંઘાડ અને વડિયાના રહેવાસી દ્વારા યોજવામાં આવે છે. આ સમૂહ લગ્નોત્સવમાં કોઈ જ્ઞાતિ-જાતિ ના ભેદભાવ વગર આર્થિક જરૂરીયાત, માં-બાપ ન હોય, નબળા વર્ગની દીકરીઓના લગ્ન વિનામૂલ્યે કરાવવામાં આવે છે.

આ સમુહ લગ્નમાં કન્યાને વિવિધ સમાજના સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રહેતા વડીયાના રહેવાસીઓ તરફથી કરીયાવરમાં સોનાની નાકની ચુક, સોનાની ચિપવાળા પાટલા, કબાટ, સહિત ૧૧૫ ગૃહઉપયોગી વસ્તુઓ વિવિધ સમાજના દાતાઓ તરફથી મળેલ કરિયાવર દરેક વર-કન્યાઓને તેમના પરિવારના વડીલોની હાજરીમાં અગાઉ તા.૨૮મી ફેબ્રુઆરીએ સોંપી દેવાયો છે.

સમુહ લગનોત્સવમાં મહંત કરસનદાસ બાપુ પરબધામ; સ્વામિનારાયણ મંદિરના સંતોઃ મહંત ભરત નાથજી બાપુ - કંઠળનાથની જગ્યા વડીયા; મહંત વિભૂતિનાથજી બાપુ - બિલેશ્વર મંદિર વડીયા; મહંત સર્વાનંદ બાપુ - દિવ્યલોક વડીયા; મહંત સુખરામ બાપુ - મેંદરડા; મહંત કમલનાથજી બાપુ ભીડભંજન, વિઠ્ઠલદાસ બાપુ વડીયા સહિતના સંતો-મહંતો નવદંપતીને આશીર્વાદ આપવા ખાસ ઉપસ્થિત રહશે. સમૂહ લગ્ન પ્રસંગના આચાર્ય પદે શાસ્ત્રી નિલેશભાઈ ખીરા રહેશે.

આ સમૂહ લગ્નોત્સવમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડ, નરેશભાઈ દેવાણી મુંબઈ, પ્રદીપભાઈ ખેતાણી-વડીયા, ધીરુભાઈ ઢોલરીયા, પ્રતીક્ષા ગ્રુપ અમદાવાદ, રાજુભાઈ મહેતા લીલા ગ્રુપ અમદાવાદ, રાજુભાઈ ગણાત્રા અમદાવાદ, નવઘણભાઈ આહીર દિવ્યા કન્સ્ટ્રક્શન, માસુકભાઈ ગાંઠાણી મુંબઈ, દિવ્યાંગભાઈ દોશી અવધ ગ્રુપ સુરત, દિનેશભાઈ પારેખ રાજકોટ, હર્ષદભાઈ ભાઈ સાગર રાજકોટ, મામલતદાર વડીયા, પીએસઆઇ વડીયા, પ્રવીણભાઈ વાઘીયા, તલાટી કમ મંત્રી વડીયા સહિતના અનેક રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી નવદંપતીને શુભેચ્છા પાઠવશે.

સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા વડીયાની વિવિધ સંસ્થાઓ અંતિમ યાત્રા રથ સેવા ગ્રુપ, એમ્બ્યુલન્સ સેવા ગ્રુપ, ગાયત્રી ચોક યુવક મંડળ, ગાંધી ચોક યુવક મંડળ, ગુલઝાર ગ્રુપ, ભવાની ચૌક યુવક મંડળ, આશાપુરા ગરબી મંડળ, ધૂંધળીનાથ યુવક મંડળ, મહેતા લાઈન ગરબી મંડળ, મોરભાઈ ચોક યુવક મંડળ, વેલનાથ યુવક મંડળ, આર.કે ગ્રુપ, એ વન ગ્રુપ, ધર્મ ભક્તિ ગ્રુપ બિલેશ્વર ગ્રુપ, જલારામ ઝૂંપડી યુવક મંડળ, બ્રહ્મ સમાજ યુવક મંડળ, રાધિકા ધૂન મંડળ, ગોપી મંડળ કૃષ્ણ પરા, મારુતિ અન્નક્ષેત્ર ગ્રૂપ, પ્રાણી તૃપ્તિ સેવા મંડળ, વડિયા ગૌશાળા, પ્રાણકુંજ ગૌશાળા ગ્રુપ. ગોવર્ધન ગૌશાળા ગ્રુપ, સ્મશાન કમિટી ગ્રુપ સહિતના અનેક નામી અનામી સંસ્થાઓ સેવાના સહભાગી બનશે. આ સમૂહ લગ્નોત્સવમાં થનાર આવક રામજી મંદિરના જીર્ણોદ્ધાર પાચળ વપરાશે તેવું આયોજકો એ જણાવ્યું હતું.

આ સમૂહ લગ્નોત્સવના કાર્યક્રમમાં ગત વર્ષે યોજાયેલ સમૂહ લગ્નના વર કન્યાઓની વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે શુભેચ્છા ગિફ્ટ તેમજ કેક કટીંગ કરીને ઉજવણી કરવામાં આવશે. આ અંગે વધુ માહીતી માટે કાળુમામા ૯૮૯૮૦ ૭૧૪૫૦નો સંપર્ક કરવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે તુવેરની ખરીદીનો પ્રારંભ



(તસ્વીર : કુલદીપસિંહ જાડેજા – ગોંડલ )

નાફેડ દ્વારા ટેકાના રૂ. ૧૫૧૦ના ભાવે તુવેરની કરાઈ ખરીદી

રાજકોટ મિરર, ગોંડલ, તા. ૩

સૌરાષ્ટ્ર ગુજરાતનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આજથી ટેકાના ભાવે તુવેરની ખરીદી કેન્દ્રનો પ્રારંભ થયો છે. જામવાડી સહકારી મંડળીના નેજા હેઠળ નાફેડ દ્વારા ટેકાના ભાવે તુવેરની ગોંડલ તાલુકાનું પ્રથમ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. ગોંડલ તાલુકાના ૪૫૦૦ ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આજરોજ પ્રથમ ૧૦૦ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા જેમાં ૨૦ ખેડૂતો ટેકાના ભાવે તુવેર વેચવા માટે ગોંડલ યાર્ડ ખાતે શરૂ કરેલ કેન્દ્ર પર આવી પોહચ્યા હતા. ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આજે ટેકાના ભાવે તુવેરની ખરીદ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દેરડી (કુંભાજી) ગામના પ્રથમ ખેડૂત અરવિંદભાઈ નરોડીયાનું કુમકુમ તિલક, હારતોરા અને મો મીઠું કરી સન્માન કરવામાં આવ્યું હતું. જામવાડી ખરીદ કેન્દ્રના પ્રમુખ વિનુભાઈ મોણપરા દ્વારા શ્રી ફળ વધેરી ટેકાના ભાવે તુવેરની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા, ડિરેક્ટર પ્રફુલભાઈ (બાવભાઈ) ટોળીયા, કચરાભાઈ વૈષ્ણવ, જીતુભાઈ જીવાણી, જામવાડી ખરીદ કેન્દ્રના પ્રમુખ વિનુભાઈ મોણપરા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગોંડલ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે આજથી ૨૦ કિલોના રૂપિયા ૧૫૧૦/- ટેકાના ભાવે તુવેરની ખરીદીના કેન્દ્રનો પ્રારંભ થયો છે. સૌ પ્રથમ ખેડૂત આપણા ભગવાન છે એટલે તેમનું ચાંદલો કરી હારતોરા કરી સન્માન કરવામાં આવ્યું છે. સાથે સરકારને અભિનંદન સાથે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. કારણકે એક ખેડૂત દીઠ ૨૦૦ મણની ટેકાના ભાવે ખરીદી કરવાના છે. ઈતિહાસમાં હમણાં જે મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી છે એ ક્યારેય કોઈએ કલ્પના ના કરી હોય. સૌરાષ્ટ્રના ખેડૂતોની જે મગફળીના રૂપિયા ૯૦૦ થી ૧૦૦૦ ભાવ જતા હતા. ત્યારે સરકારે ઊંચા ભાવે ખરીદી કરી ખેડૂતોની ખભે ખભો મિલાવી સાથે ઉભી રહી છે. એવી જ રીતે અત્યારે તુવેરની ખરીદી કરી ખેડૂતોની સાથે ઉભી રહી છે. ગોંડલ તાલુકામાં ૪૫૦૦ જેટલી એન્ટ્રી નોંધાઈ છે. ખેડૂતો માટે આજે દિવાળી જેવો માહોલ છે. કારણકે જ્યારે જ્યારે ભાવ નબળા હોય ત્યારે સરકાર ખરીદીમાં આવી જાય, જેનો ફાયદો ખેડૂતોને ઉંચી બજાર મળે છે તેમજ જેટલો જથ્થો સરકાર પાસે ખરીદી થાય એટલો જથ્થો બજારમાં ખૂટે એને હિસાબે પણ બજારમાં ભાવ ઉંચો રહેતો હોય છે. યાર્ડના ચેરમેને વડાપ્રધાન, ગુજરાતના મુખ્યમંત્રી તેમજ કૃષિમંત્રીનો આભાર માન્યો હતો. તેમજ જામવાડી સેવા સહકારી મંડળીનો આભાર માનતા જણાવ્યું હતું કે ગયા વખતે જામવાડી સેવા સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદીમાં નોંધનીય કામગીરી કરી હતી જેને હિસાબે સરકારે તેમને ટેકાના ભાવે તુવેરની ખરીદી કેન્દ્ર આપી છે.

## સરકારે ટેકાના ભાવે ખરીદી કરતા ખેડૂતોએ આનંદ વ્યક્ત કર્યો

જામવાડી સેવા સહકારી મંડળીના નેજા હેઠળ નાફેડ દ્વારા આજે માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે તુવેર ખરીદીનો પ્રારંભ થતા મોવિયા ગામથી તુવેર લઈને આવેલ ખેડૂત બ્રિજેશભાઈ ખૂંટએ જણાવ્યું હતું કે આજથી સરકારે ટેકાના ભાવે રૂ, ૧૫૧૦થી તુવેરની ખરીદી કરતા સંતોષ વ્યક્ત કર્યો હતો અને ભાવ સારા છે તેવું જણાવ્યું હતું. જામવાડી જૂથ સેવા સહકારી મંડળીના પ્રમુખ વિનુભાઈ મોણપરા જણાવ્યું હતું કે સરકારે આજથી ટેકાના ભાવે તુવેરની ખરીદી કેન્દ્રનો પ્રારંભ કર્યો છે ત્યારે અમે પ્રથમ ૧૦૦ ખેડૂતોને બોલાવ્યા હતા જેમાં ૨૦ ખેડૂતો ગોંડલ યાર્ડ ખાતે આવી પોહચ્યા હતા. ખેડૂતોને ટેકાના ભાવે તુવેરના સારા ભાવ મળી રહે છે, જેને લઈને ખેડૂતો ખુશ છે, આજરોજ અમારી મંડળી દ્વારા ટેકાના ભાવે તુવેર વેચવા આવેલા ખેડૂતો તેમજ મજૂરોને ઠંડી છાશ પીવડાવવામાં આવી હતી.

# ૮ વર્ષથી નાસતો ફરતો બુટલેગર ઝડપાયો



રાજકોટ મિરર તા.૩


થોરાળા પોલીસે ૮ વર્ષથી નાસ્તા ફરતા શખ્શને રાજસ્થાનથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી છે.

થોરાળા પોલીસના પી.આઇ. એન. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનમાં ૨૦૧૭ ના ગુનામાં નાસ્તા ફરતા શખ્સને પકડવા અધિકારીઓની મંજૂરીથી પી.એસ.આઇ એ.પી. રતનની ટીમ તપાસમાં રાજસ્થાન માટે ગઈ હતી અને ટેકનિકલ અને હ્યુમન ઉપયોગથી આસિન્દ, મશીન મહોલ્લા, જામાં મસ્જિદ પાસે, તાલુકા આસિન્દ જી. ભીલવાડા રાજસ્થાનમાં રહેતો ઇકરામુદીન ઇશાકમહમદ શેખને ઝડપી પાડ્યો હતો.

### બાતમી મળતાં પોલીસે સામા કાંઠે કાર તો પકડી લીધી, ચાલકને પકડી લીધો પણ અંદર કંઇ નહોતું!

# ચબરાક બૂટલેગરે કારમાં બનાવ્યા'તા ૪ ચોરખાનાઃ જથ્થો ઝડપાયો

### બી-ડિવીઝનના કોન્સ. વિશ્વરાજસિંહ ઝાલા અને નરેશભાઇ ચાવડાની બાતમીથી વલસાડના બૂટલેગરનો નુસ્ખો નાકામ થયોઃ રાજકોટમાં કોણે મંગાવ્યો તેની તપાસ







રાજકોટઃ હોળી ધુળેટી પર્વ નજીક આવતાં જ નાના મોટા બૂટલેગરો, સપ્લાયરોમાં કમાઇ લેવાના ઈરાદે સળવળાટ ચાલુ થયો છે અને હેરાફેરી પણ ચાલુ થઇ ગઇ છે. પોલીસથી બચવા માટે અલગ અલગ નુસ્ખાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો કે પોલીસ ધારે તો એક બોટલ કે એક ચપલુ પણ દારૂ ઘુસી શકે નહિ. બી-ડિવીઝન પોલીસે બૂટલેગરનો આવો જ એક નુસ્ખો નાકામ બનાવ્યો છે. છેક વલસાડથી કારમાં દારૂનો જથ્થો ભરીને તે રાજકોટ સપ્લાય કરવા આવ્યો હતો. પોલીસને બાતમી મળતાં કાર અને ચાલકને તો પકડી લીધા હતાં પણ અંદર દારૂનું ચપલુય જોવા મળ્યું નહોતું આથી પોલીસ ચોંકી ગઇ હતી. જો કે બાદમાં કારચાલકની વિશીષ્ટ ઢબે પુછતાછ કરતાં તેણે કારમાં જ બનાવેલા ચાર ચોરખાનામાંથી દારૂના ચપલા, મોટી બોટલો કાઢી આપતાં પોલીસ પણ જોતી રહી ગઇ હતી! સાડા ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો દારૂના સપ્લાયરો, બૂટલેગરો પોલીસથી બચવા નવા નવા કિમીયા શોધી કાઢતાં હોય છે. દરમિયાન વલસાડનો એક શખ્સ પોતાની કારમાં ચાર અલગ અલગ ચોરખાનાઓમાં દારૂના ચપલા, બોટલો છુપાવી રાજકોટ સપ્લાય કરવા આવતાં બી-ડિવીઝન પોલીસને બાતમી મળતાં તેને પકડી લીધો હતો. આ ભેજાબાજે પોતાની પાસેની કારમાં ટેલ લાઇટ, પેટ્રોલ ટેન્ક, આર્મ્સ રેસ્ટની જગ્યા અને સ્પેર વ્હીલની જગ્યામાં દારૂના ચપલાઓ, બોટલો છુપાવ્યા હતાં. તેણે આ જગ્યાઓમાંથી ચપલા-બોટલો કાઢીને પોલીસને આપતાં પોલીસ પણ માથુ ખંજવાળવા માંડી હતી. જાણવા મળ્યા મુજબ દારૂબંધીનો અમલ કરાવવા બી-ડિવીઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. વિશ્વજીતસિંહ ઝાલા અને નરેશભાઇ ચાવડાને બાતમી મળી હતી કે પેડક રોડ પર સેટેલાઇટ ચોક નજીક અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ નજીક જીજે૧૫સીક્યુ-૦૯૦૬ નંબરની કાર આવી છે અને તેમાં દારૂનો જથ્થો ભરેલો છે.

આ બાતમી મળતાં જ પોલીસની ટીમે ત્યાં પહોંચી તપાસ કરતાં બાતમી મુજબની કાર મળી હતી. તેના ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ ધર્મેશ છીબુભાઇ નાયકા (ઉ.વ.૪૪-રહે. ધરમપુર રોડ, અબ્રામા જરણા પાર્ક પાસે સોનાદર્શન સોસાયટી પ્લોટ-૭૪, વલસાડ) જણાવ્યું હતું. પોલીસે તેની કાર ચેક કરતાં કંઇ મળી આવ્યું નહોતું. પણ અંદર દારૂ હોવાની પાક્કી માહિતી હોઇ આ શખ્સની ઉલટ પુછતાછ કરતાં તેણે કારની અંદર જ બનાવેલા ચાર અલગ અલગ ચોરખાનાઓમાંથી ચપલા બોટલો કાઢી આપ્યા હતાં. ધર્મેશે કારમાં ટેલ લાઇટ, પેટ્રોલ ટેન્ક, આર્મ્સ રેસ્ટની જગ્યા, સ્પેર વ્હીલની જગ્યામાં બનાવેલા ચોરખાના બતાવ્યા હતાં. તેમાંથી ૧૮૦ એમએલના રૂ. ૧૮૭૨૪ના મેજીક મુમેન્ટ વોડકાના ૧૨૪ ચપલા, ૧૮૦ એમએલના ૨૧૭૭૧ના ઓલ સીઝન વ્હીસ્કીના ૧૨૩ ચપલા, રૂ. ૯૮૦૦ના ૭૫ એમએલના વ્હાઇટ વ્હીસ્કીના ૯૮ ચપલા, ૮૩૫૨ની ૭૫૦ એમએલની રોયલ ચેલેન્જની ૧૨ બોટલો, ૧૪૧૬૬ની ૭૫૦ એમએલની રોયલ સ્ટેગ બેરેલ વ્હીસ્કીની ૧૮ બોટલો કાઢી આપી હતી. એક જ કારમાં આટઆટલા ચોરખાના નિહાળી પોલીસ પણ અચંભામાં પડી ગઇ હતી.

કારચાલક ધર્મેશ સામે ગુનો નોંધી દારૂ, કાર, મોબાઇલ ફોન મળી રૂ. ૩,૭૭,૮૧૩નો મુદ્દામાલ કબ્જે કરી વિશેષ પુછતાછ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરાઇ હતી. આ શખ્સ અગાઉ વલસાડમાં દારૂમાં પકડાયો હતો. રાજકોટ પહેલી જ વખત આવ્યાનું અને મોબાઇલ નંબરને આધારે આ દારૂ સપ્લાય કરવાનો હોવાનું રટણ કર્યુ હતું. રાજકોટમાં આ દારૂ મંગાવનાર કોણ? તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની સુચના અંતર્ગત બી-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેકટર એસ. એસ. રાણે, પીએસઆઇ એ. બી. ચૌધરી, એએસઆઇ અનિલસિંહ ગોહિલ, હેડકોન્સ. લાલજીભાઇ હાડગડા, કોન્સ. વિશ્વજીતસિંહ ઝાલા, નરેશભાઇ ચાવડા, હાર્દિકભાઇ ગાજીપરા, વિનોદભાઇ પરમાર, રાજદિપભાઇ પટગીર અને મનજીભાઇ ડાંગર સહિતની ટીમે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા શખ્સે પોતે પહેલી જ વખત આ રીતે દારૂ ભરીને આવ્યાનું રટણ કર્યુ હોઇ તેની વાતમાં કેટલુ તથ્ય છે? તેની પણ તપાસ થઇ રહી છે.

### સૌ. યુનિની શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા યોજાઈ

# સહકારી સંસ્થાનો ઉદ્દેશ્ય સભાસદોના હિતને અગ્રતા આપવાનો : નરેન્દ્રસિંહ જાડેજા



રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ગુજરાતી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડોલરરાય માંકડ સભાગૃહમાં યોજાઈ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. ઉત્પલ જોશી અને મુખ્ય મહેમાન તરીકે રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ નરેન્દ્રસિંહજી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં વેદમંત્રોનું ગાન કરીને ગુજરાતી ભવનના વડા પ્રોફે. મનોજ જોશીએ પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ મહોદયશ્રી અને મુખ્ય મહેમાનશ્રી તેમજ મંડળીના હોદેદારો દ્વારા દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મંડળીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ મંચસ્થ મહાનુભાવોનું ઉષ્માપૂર્ણ શાબ્દિક સ્વાગત કર્યું હતુ તેમજ મંડળીની કામગીરી વિશે ટૂંકમાં વિગતો આપી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.

મંડળીના હોદેદારો દ્વારા કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી તથા મુખ્ય મહેમાન નરેન્દ્રસિંહજી જાડેજાનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન દ્વારા ગરીમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય મહેમાન નરેન્દ્રસિંહ જાડેજા અને સહકારી મંડળીના હોદ્દેદારોએ કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીને સન્માન પત્ર અર્પણ કર્યું હતું.આ પ્રસંગે કુલપતિ અધ્યક્ષસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે આપણી યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળી ખૂબજ ઉત્તમ કામગીરી કરી રહી છે. જેની સરાહના કરું છું. આ મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે સેવા સંપ અને સહકારના ધ્યેયમંત્રને વિશેષરીતે ઉજાગર કરે એવો રાજીપો વ્યક્ત કરું છું.

મુખ્ય મહેમાન નરેન્દ્રસિંહ જાડેજાએ સહકારી માળખાના પોતાના બહોળા અનુભવને આધારે કહ્યુ હતું કે ''આ મંડળીની કામગીરીને હું બિરદાવું છું તેમજ મંડળીના સભાસદોને જરૂરી માર્ગદર્શન આપતાં જણાવ્યું કે કોઈપણ સહકારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોને મહત્તમ લાભ આપી અને તેમની આર્થિક સદ્ધરતા જાળવવી એ હોવો જોઈએ. સભાસદોના હિતને કેન્દ્રમાં રાખીને સહકારી સંસ્થા કાર્યરત રહેતો જ સહકારી માળખુ મજબૂત રીતે આગળ વધે અને કાયમી ટકી રહે તેમજ વધુમાં વધુ લોકો આ સહકારની પ્રવૃત્તિમાં સામેલ થાય.''નરેન્દ્રસિંહ જાડેજાએ કુલપતિનો આગામી પાંચ વર્ષનો કાર્યકાળ ખૂબ જ યશસ્વી રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સર્વાંગી વિકાસમાં આ યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે યુનિવર્સીટીને ઉપયોગી થવા માટે પ્રતિબદ્ધતા અને તત્પરતા દાખવી હતી. ત્યારબાદ ભૌતિકશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. હિરેન જોશીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં શૈક્ષણિક સહકારી મંડળી સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ પ્રસંગે ભૌતિકશાસ્ત્ર ભવનના ભૂતપૂર્વ પ્રોફે. અને અધ્યક્ષ મિહીર જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંડળીની ખાસ સાધારણ સભાની કામગીરી ઉપસ્થિત સભાસદોની હાજરીમાં કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે મહત્તમ ત્રીસ લાખની લોન મર્યાદાને વધારીને સાઈઠ લાખ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખાસ સાધારણ સભાના અંતે ભૌતિકશાસ્ત્ર ભવનના પ્રોફેસર અને સહકારી મંડળીના ઉપપ્રમુખ ડો. જયંત ભાલોડિયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફે. યોગેશ જોગસણે કર્યું હતું.

કુલપતિ પ્રોફે. ઉત્પલ એસ . જોશી અને રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રોફે. જયંત ભાલોડિયા, મંત્રી પ્રોફે. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રોફે.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રોફે. સંજય ભાયાણી, પ્રોફે. આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રોફે.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી , ડો.ભરતભાઈ ખેર અને ગુજરતી ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડો. દીપકભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# CISF દ્વારા આજથી અનેકવિધ કાર્યક્રમો

### સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દ્વારા આજથી ૧૦મી સુધી મીલેટ્સ મેળા, વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ, સાયકલ રેલી સહિતના કાર્યક્રમો યોજાશ




રાજકોટ મિરર, તા.૩

દેશના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઅલ સિક્યુરીટી ફોર્સ (કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ - ઈ.ઈ.જ.ઋ.)ના જવાનો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક સાહસો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણું અને અંતરીક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા અર્થે ચીવીસ ખડેપગે રહે છે. જે સંદર્ભે રાજકોટના એરપોર્ટની સુરક્ષા માટે તૈનાત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ યુનિટની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થતાં ૭ માર્ચે ૨૫ વર્ષ પૂર્ણ થશે.

આ ઐતિહાસિક સિધ્ધિને યાદ કરવા સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ શિરસ્રાએ જણાવ્યું હતું કે, આજે તા.૦૪ થી ૧૦ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ રજત જયંતિ ઉજવણી ફક્ત એક ઉત્સવ નહીં, પરંતુ સુરક્ષા, સમાજ સેવા અને સમુદાયની ભાગીદારીનું ઉદાહરણ છે. તા.૪ના રાજકોટમાં સી.આઈ. એસ.એફ. યુનિટ લાઈન એ.એ.આઈ. કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મીલેટ્સ મેળો યોજાશે. તા.૫ રોજ હિરાસર બામણબોર ગામ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. તા.૭નાં રોજ હીરાસર એરપોર્ટ ખાતે સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ સુધી ક્વિક રીએક્શન ટીમના કમાન્ડો દ્વારા વિવિધ કરતબ ઉપરાંત, ડોગ શો પણ યોજાશે. ૮મીએ રોટરી ક્લબના સહયોગથી સી.આઈ.એસ.એફ. યુનિટ લાઈન કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી મેડીકલ કેમ્પનું આયોજન કરાશે. તા.૯ના રોજ ભારતના ગુજરાત અને પશ્ચિમ બંગાળ એમ બંને તટીય રાજ્યથી કન્યાકુમારી સુધી સાયકલ રેલીનું આયોજન થશે.

# જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાને અભિનંદન આપતા વડાપ્રધાન

રાજકોટ મિરર, ગોંડલ તા.૩

રાજકોટ જીલ્લાની તમામ નગરપાલિકામાં ભાજપને ભવ્ય વિજય અપાવ્યાની ખુશી વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાને અભિનંદન પાઠવ્યા હતા.

રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો હતો. જેતપુર, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર અને જસદણ એમ પાંચેય પાલિકામાં ભાજપે મહત્તમ બેઠકો કબજે કરીને હરીફ પક્ષોને પછડાટ આપી છે. ખાસ કરીને ધોરાજી-ઉપલેટામાં પાલિકા કબજે કરવા રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ માઈક્રો પ્લાનિંગ કરીને જનજન સુધી પહોચી, સરકારી યોજનાઓથી વાકેફ કરીને મતદારોને ભાજપ તરફી મતદાન કરવા પ્રેર્યા હતા. તેઓની આ કુનેહનો ચૂંટણી પરિણામ પર અનન્ય પ્રભાવ પડ્યો હતો અને પાંચેય નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો.

દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજકોટ એરપોર્ટ ખાતે આગેવાનો સાથે બેઘડી મુલાકાત કરી હતી. આ સમયે અલ્પેશભાઇ ઢોલરીયાને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમા ભાજપનાં ભવ્ય વિજય અને રાજકોટ જિલ્લામાં આવતી તમામ નગરપાલીકામા વિજય અંગે વાતચીત કરી અભિનંદન પાઠવ્યા હતા. આ તકે અલ્પેશભાઈ ઢોલરીયાએ વડાપ્રધાનને જણાવ્યુ હતુ કે પ્રથમ વખત રાજકોટ જિલ્લાની તમામ નગરપાલીકામા વિજય મેળવ્યો છે. વડાપ્રધાન સાથેની મુલાકાત ખાસ રહી હોવાનું અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું.

(તસ્વીર : કુલદીપસિંહ જાડેજા – ગોંડલ )



રાજકોટ જીલ્લાની તમામ નગરપાલિકામાં ભાજપને ભવ્ય વિજય અપાવ્યાની ખુશી વ્યક્ત કરતા વડાપ્રધાન

# રાજકોટ ITનું નેટ કલેક્શન ૨૭૫૦ કરોડને પાર

## ૪૦૧૫.૬૧ કરોડના લક્ષ્યાંક સામે આવકવેરા વિભાગની સ્થિતિ મજબૂત : ૨૫૦૦ કરોડથી વધુનુ અપાયુ રિફંડ

રાજકોટ, તા. ૩

સરકારની આવકમાં હાલ ઉતરોતર વધારો થઈ રહ્યો છે તેમાં પણ આવકવેરા વિભાગ અને જીએસટી દ્વારા જે રિકવરી માટે જે ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે તેને ધ્યાને લઈને એ વાત તો સ્પષ્ટ થઈ રહી છે કે જે રાજકોટ અથવા રાજ્યના અન્ય મુખ્ય શહેરોને જે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા લક્ષ્યાંક આપવામાં આવી રહ્યો છે તે લક્ષ્યાંકની પૂર્તિ કરવામાં હાલ રિકવરી ખૂબ વ્યાપક પ્રમાણમાં વધી રહી છે. બીજી તરફ ૪૦૧૫ કરોડના લક્ષ્યાંક નો પીછો કરતી રાજકોટ આવકવેરા વિભાગે હાલ ૨૭૫૦ કરોડથી વધુની રિકવરી કરી લીધી છે જેમાં કુલ ૨૫૦૦ કરોડથી વધુના રિફંડ આપવામાં આવ્યા છે જ્યારે રાજકોટ આઈટી નું ગ્રોસ કલેક્શન ૫૪૦૦ કરોડને પાર પહોંચ્યું છે. રાજકોટ આવકવેરા વિભાગના સંપર્ક સુત્રોના જણાવ્યા અનુસાર હાલ જે ટાર્ગેટ નિર્ધારિત કરવામાં આવ્યો છે તેની નજીક પહોંચવા હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ત્યારે માર્ચ એન્ડિંગ પૂર્વે રાજકોટ આવકવેરા વિભાગ ટાર્ગેટની નજીક પહોંચે તેવા સંજોગો પણ ઊભા થયા છે.

આંકડાકીય માહિતી અનુસાર કોર્પોરેટ ટેક્સ પેટે રાજકોટ વિભાગને ક્રોસ કલેક્શન જે છે તે ૧૫૦૦ કરોડથી વધુનું મળ્યું છે જ્યારે તેનું નેટ કલેક્શન ૧૧૫૦ કરોડથી વધુનું છે. બીજી તરફ આઈટી અને અધર એટલે કે અન્ય હેડ હેઠળ જે આવક થાય છે તે આંકડો પણ આશરે ૧૬૦૦ કરોડ જેટલો નોંધાયો છે અને તેમાં પણ જે રિફંડ આપવામાં આવેલું છે તે આંકડો પણ ૨૧૦૦ કરોડથી વધુનો છે જયારે ગ્રોસ કલેક્શન ૩૭૦૦ કરોડથી વધુનું હોવાનું હાલ સૂત્રોએ જણાવ્યું હતું. એટલે કહી શકાય કે કુલ ૨૭૫૦ કરોડના નેટ કલેક્શન સામે આશરે ૨૫૦૦ કરોડ જેટલું રિફંડ આપવામાં આવ્યું છે. મહત્વનું એ છે કે ૨૦૨૪ ની સ્થિતિએ નેટ કલેક્શન ની આવકમાં ચાલુ વર્ષમાં કુલ ૩૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો જે ખૂબ સારી બાબત કહી શકાય. હાલ જે વિગતો સામે આવી રહી છે તે મુજબ કોર્પોરેટ ટેક્સનો નેટ કલેક્શન ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ ની સ્થિતિએ ૧૦૪૯.૧૨ કરોડ હતું, એવી જ રીતે આઈટી અને અધર હેડ હેઠળ આવતું નેટ કલેક્શન નો આંકડો ૧૦૮૫.૯૮ કરોડ નોંધાયો હતો. તો સામે કુલ નેટ કલેક્શન ૨૧૩૫ કરોડ નોંધાયું હતું. એમાં કોર્પોરેટ ટેક્સમાં ૨૮૩.૩૭ કરોડનું રિફંડ આપવામાં આવ્યું. આઈટી અને અધર હેડમાં પણ ૧૯૫૫.૨૮ કરોડનું રિફંડ આપવામાં આવ્યું છે એમ કુલ રિફંડ નો આંકડો ૨૨૩૮.૬૫ કરોડ પહોંચ્યો હતો.બીજી તરફ સૂત્રોના જણાવ્યા અનુસાર ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ ની સ્થિતિએ જે ટાર્ગેટ આપવામાં આવ્યો હતો તેમાં ગ્રોસ કલેક્શનનો આંકડો ૧૩૩૨.૪૯ કરોડ હતો જ્યારે આઈટી અને અધર હેડ હેઠળ ૩૦૪૧.૨૬ કરોડ અને કુલ ગ્રોસ કલેક્શન ૪૩૭૩.૭૫ કરોડ નોંધાયું હતું.




એવી જ રીતે આવકવેરા વિભાગના વિવિધ હેડ હેઠળ જે પ્રક્રિયા નોંધાય છે તેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪ ની સ્થિતિએ એડવાન્સ ટેક્સ કલેક્શન ૨૬૭૮.૮૪ કરોડ હતું જેની સામે ચાલુ નાણાકીય વર્ષમાં ૩,૦૦૦ કરોડને પાર પહોંચ્યું છે અને આશરે ૧૩ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે. સેલ્ફ એસેસમેન્ટની જો વાત કરવામાં આવે તો આ હેડ હેઠળ ગત નાણાકીય વર્ષમાં નેટ કલેક્શન ૧૪૭૮. ૫૧ કરોડ હતું જે વધીને ૨૦૯૧.૩૫ કરોડ નોંધાયું અને તેમાં ૪૧.૪૫ ટકા વૃદ્ધિ જોવા મળી.

રેગ્યુલર એસેસમેન્ટ હેઠળ ગત નાણાકીય વર્ષમાં ૧૦૧.૮૭ કરોડ જેટલું નેટ કલેક્શન થયું હતું જે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૪૦ કરોડથી વધુનું છે અને તેમાં આશરે ૩૮.૯૬ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે. હાલની સ્થિતિને ધ્યાને લઇ જે રીતે રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે તેને ધ્યાને લેતા આગામી દિવસમાં જે આવકવેરા વિભાગનો ટાર્ગેટ બોર્ડ દ્વારા આપવામાં આવ્યો હતો તેની નજીક પહોંચવા માટે દરેક સંભવત પ્રયત્નો હાલ હાથ ધરવામાં આવી રહ્યા છે.

# રાજ્યની ૩૦,૦૦૦થી વધુ હાઉસિંગ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી કરાઈ નક્કી

## કોઈપણ ઘરની ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧ લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહી

રાજકોટ, તા.૩

રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે જે ખરા અર્થમાં હાઉસિંગ સોસાયટીમાં ખરીદ વેચાણ કરતા મિલકત ધારકો માટે આશીર્વાદ રૂપ નીકળશે એટલું જ નહીં સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૩૦,૦૦૦ જેટલી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ આવેલી છે ત્યારે તેનું સંચાલન સંચારૂરૂપથી થઈ શકે તે માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ રાજ્ય સરકાર દ્વારા અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં કોઈપણ ઘરની ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧ લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહી ગુજરાતમાં ૩૦,૦૦૦ થી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ આવેલી છે ત્યારે આવી સોસાયટીઓનું સંચાલન સહકારી કાયદા અન્વયે થતું હોય છે. આવી સોસાયટીઓમાં જ્યારે પણ કોઈ વ્યક્તિ દ્વારા ઘરની ખરીદી કરવામાં આવતી હોય છે ત્યારે સોસાયટી દ્વારા તે વ્યકિત પાસેથી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોય છે. આવી ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના અભાવે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યક્તિઓ પાસેથી મોટી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળતી હતી તેમ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું. સહકાર મંત્રી વિશ્વકર્માએ કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા આવી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં થતી હેરાનગતિને અટકાવવા, ટ્રાન્સફર સંબંધિત જરૂરી કાયદા અને નિયમો બનાવવાનું નક્કી કરેલ હતું જેના અનુસંધાને વર્ષ ૨૦૨૪માં સહકારી કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા સહકારી કાયદામાં થયેલ સુધારા અંતર્ગત નિયમો નક્કી કરવામાં આવ્યા છે અને તે અનુસાર હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈપણ ઘરની ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧ લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહી, તેવી જોગવાઈ કરવામાં આવી છે.

આ ટ્રાન્સફર ફી ની જોગવાઈ વધુમાં વધુ છે , જેથી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ પોતાની મેળે તે રકમમાં ઘટાડો કરી અને તેઓના ઉપનિયમોમાં જોગવાઈ કરી શકે છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં આ રકમથી વધુ રકમ તેઓ વસૂલ કરી શકશે નહીં તેમ, તેમણે જણાવ્યું હતું. હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં પ્રમુખ/ મંત્રી અને કમિટી સભ્યો દ્વારા મકાનની ખરીદ/ વેચાણ સમયે વ્યક્તિઓ ને ટ્રાન્સફર ફી ની વસૂલાત માટે કરવામાં આવતી કાર્યવાહી સામે હવે પછી વ્યક્તિઓને ખૂબ જ મોટી રાહત મળશે. આ નિયમો અનુસાર કોઈપણ કાયદેસરના વારસદારને જો કોઈ અવેજ વગર મિલકત ટ્રાન્સફર કરવામાં આવેલ હશે તો પણ કોઈ ટ્રાન્સફર ફી લઈ શકાશે નહીં ઉપરાંત કોઈ પણ વ્યકિત પાસેથી ડેવલપમેન્ટ ચાર્જ, દાન કે અન્ય કોઈપણ નામે ટ્રાન્સફર સમયે કોઈપણ રકમ સોસાયટીઓ વસૂલ કરી શકશે નહીં.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિર્ણયથી આવી સોસાયટીઓની કામગીરીમાં નિયમિતતા આવશે, સાથે સાથે આ સોસાયટીઓ સાથે જોડાનાર લાખો સભાસદોને પણ ભવિષ્યમાં મોટી રાહત મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયનું સર્વત્રે ખૂબ જ આવકારદાયક પગલું ગણવામાં આવી રહ્યું છે તેમ,સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેર્યું હતું.

# સૌની યોજનાનું પાણી ફરી આજીમાં ઠાલવવાનુ શરૂ

## એપ્રિલ - મે માસમાં નર્મદા કેનાલનું થશે મેન્ટેનેન્સ : લોકોને અગવડતા ન પડે તે માટે લેવાયો નિર્ણય

રાજકોટ, તા.૩

એક સમયે રાજકોટ નપાણીયુ માનવામાં આવતું હતું ત્યારે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે સંયુક્ત રીતે આ મેણાને ભાંગી નાખ્યું છે. કારણ કે સરકાર દ્વારા સૌની યોજના મારફતે હાલ પીવાનું પાણી પૂરું પાડી રહી છે ત્યારે મહત્વની વાત એ છે કે આવતા એપ્રિલ અને મે મહિના દરમિયાન સિંચાઈ વિભાગ દ્વારા નર્મદા કેનાલનું મેન્ટેનન્સ કાર્ય હાથ ધરવામાં આવશે જેના કારણે આ બે મહિના કોઈપણ શહેરને પીવાના પાણીની અછત ન રહે તે માટે એક આગવું આયોજન કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ હાલ રાજકોટ ખાતે એટલે કે રાજકોટની જીવાદોરી સમાન આજીડેમમાં સૌની યોજનાનું પાણી આપવાનું શરૂ કરી દેવાયું છે અને માર્ચ મહિનાની અંદર જ સમગ્ર ડેમને ભરી દેવામાં આવે તે મુજબનું આયોજન હાલ રાજ્ય સરકાર અને નર્મદા નિગમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. બીજી મહત્વની વાત તો એ છે કે આ વર્ષ ચૂંટણીનું વર્ષ હોવાથી મતદારોને રીઝવવા અને તેઓને કોઈપણ પ્રકારની અગવડતા નો સામનો ન કરવો પડે તે વાતની ગંભીરતાને ધ્યાને લઈને આજે આ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યા છે .

આ સિઝનમાં અને ખાસ કરીને ચૂંટણી વર્ષમાં રાજકોટને પાણીની કોઇ મુશ્કેલી ન પડે તે માટે સંકલન કરીને સરકારે ફરી શનિવારથી આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠલવવાનું શરૂ કર્યુ છે. ટુંક સમયમાં ન્યારી-૧ ડેમમાં પણ તુરંતમાં પાણી શરૂ થાય એવા નિર્દેશ છે. હાલ કેનાલ અને પાઇપલાઇન મારફત રાજકોટને પાણી ચાલુ છે. આથી આ મહિનો હજુ બને ત્યાં સુધી નર્મદાના નીરની જ સપ્લાય કરવા અને આજી-ન્યારીનું પાણી બફર સ્ટોક તરીકે રાખવા પણ સરકારે સૂચન કર્યુ છે.

એપ્રિલ અને મે એમ બે મહિના કેનાલના રીપેરીંગનું મોટુ કામ નીકળ્યું છે. આ અંગેની જાણ સરકારે બે મહિના અગાઉ જ રાજકોટ મહાપાલિકાને કરી નર્મદાના નીર ડેમોમાં ઠલવવાનું શરૂ કર્યુ હતું. ગત મહિને ડેમોમાં સરકારે પુરતુ પાણી ઠલવ્યુ હતુ. હવે એક મહિનો જ નર્મદા નીર મળવાનું હોય, સરકારે આજી ડેમમાં પાણી ઠલવવાનું શરૂ કર્યુ છે. હાલ આજી ડેમમાં ૫૦૦ અને ન્યારી ડેમમાં ૫૫૦ એમસીએફટી નીર ઠાલવવા ગણતરી છે. આજની સ્થિતિએ આજી ડેમમાં ૭૮૦ અને ન્યારીમાં ૧૦૫૦ એમસીએફટી જથ્થો રહેલો છે. કોર્પોરેશને ન્યારી માટે ૭૦૦ અને આજી માટે ૧૮૦૦ એમસીએફટી જથ્થો માંગ્યો છે.

જોકે રોજ ૧૩૫ એમએલડી પાણી કેનાલ સિવાય નર્મદા પાઇપલાઇનમાંથી મળે છે. આ પાઇપલાઇનનું પાણી પણ કેનાલ સાથે બંધ થાય તો મુશ્કેલીનો થોડો ભય તંત્રને છે. આથી થોડા દિવસો બાદ ભાજપના પદાધિકારીઓ અને કમિશ્નર સહિતના અધિકારીઓ ગાંધીનગર સરકારને મળીને સ્થિતિ રજુ કરનાર છે. વોટર વર્કસ સમિતિના ચેરમેન અશ્વિન પાંભરે કહ્યુ હતું કે, પાઇપલાઇન ધોળીધજા ડેમ સુધી રહેલી છે. કેનાલનું પાણી લાઇનમાં ફેરવવામાં આવે તો આ પાણીની ઘટ પડશે નહીં. એક્સપ્રેસ લાઇન સહિતના સ્ત્રોતનો ઉપયોગ પાણીના ટ્રાન્સફર માટે કરવાની કસરત ચાલી રહી છે.

એકંદરે રાજકોટને ઉનાળામાં પાણીની કોઇ મુશ્કેલી ન પડે તેવું તમામ આયોજન મહાપાલિકા કરી રહી છે. હાલ રાજકોટમાં ૩૫૦ એમએલડીના ઉપાડ સાથે ૩૯૫ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

### શહેરમાંથી સગીરાઓને ભગાડી જવાના, અપહરણ કરી જવાના વધી ગયેલા કિસ્સાઓ વચ્ચે પોલીસની કામગીરી

# બે વિધર્મી ભાઇએ બે સગીરાને ફસાવીઃ UP બોર્ડરથી દબોચ્યા

## મુળ પડધરીનો હાલ રેલનગર રહેતો સાહિલ ઉર્ફ શાયર તો બાળાના અપહરણ બાદ સોશિયલ મિડીયામાં સતત પોતે કંઇ નથી કર્યુ એવા વિડીયો વહેતા કરતો હતોઃ પ્રધ્યુમનનગર પોલીસ તેને શોધતી ગોરખપુર પહોંચી તો સાથે તેનો ભાઇ સમીર સંઘાર પણ રાજકોટની જ બીજી સગીરા સાથે મળ્યોઃ તેના વિરૂધ્ધ થોરાળા પોલીસમાં ગુનો નોંધાયો હતોઃ બંને સગીરાને નેપાળ તરફ લઇ જવાનો પ્લાન હતો

રાજકોટઃ રંગીલા, મોજીલા રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સગીરાઓ ગૂમ થવાના, અપહરણ થઇ જવાના કિસ્સા વધી ગયા છે. ત્યાં શહેર પ્ર.નગર પોલીસ એક આવા જ કિસ્સામાં એક વિધર્મીને છેક યુપીના ગોરખપુર નજીક નેપાળ બોર્ડર પાસેથી પકડી લાવી છે. આ શખ્સ પંદર વર્ષની બાળાને લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. પોલીસ ચોંકી ત્યારે ગઇ હતી ત્યારે આ શખ્સ સાથે તેનો કુટુંબી ભાઇ પણ જોવા મળ્યો હતો અને તે પણ રાજકોટની જ એક સગીરાને ભગાડીને લઇ ગયો હતો. આ શખ્સ વિરૂધ્ધ થોરાળા પોલીસમાં ગુનો નોંધાયો હતો. બંને સગીરાને સાથે લઇ નેપાળમાં ઘુસવાની પેરવીમાં હતાં. એ પહેલા દબોચી લેવાયા હતાં. પંદર વર્ષની સગીરાને ભગાડી જનારાએ સોશિયલ મિડીયામાં વિડીયો વહેતા કરી પોતે નિર્દોષ હોવાના ગાણા પણ ગાયા હતાં. પણ પોલીસે દબોચતાં તેણે સગીરા સાથે દૂષ્કર્મ પણ આચરી લીધાનું ખુલતાં આ કલમનો ઉમેરો કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના એક વિસ્તારમાંથી પંદર વર્ષની સગીરાને રેલનગર વિસ્તારમાં ભાડેથી રહેતો વિધર્મી શખ્સ બાવીસ વર્ષનો સાહીલ ઉર્ફ શાયર અકબરભાઇ સંઘાર અપહરણ કરી ભગાડી જતાં પ્રધ્યુમનનગર પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન આ શખ્સ સગીરાને લઇ છેક યુપીની નેપાળ બોર્ડર સુધી પહોંચી ગયો હોઇ અને ત્યાંથી નેપાળ ભાગી જવાની પેરવીમાં હોઇ પગેરૂ દબાવતી પોલીસની ટીમે ત્યાંથી તેને દબોચી લીધો હતો. સાથે સાથે થોરાળા પોલીસ મથકમાં નોંધાયેલા અન્ય સગીરાના અપહરણનો આરોપી એવો સાહિલનો કુટુંબી ભાઇ જોડીયાના બાલાચડીમાં રહેતો ત્રેવીસ વર્ષનો સમીર અલીભાઇ સંઘાર પણ બીજી સગીરા સાથે ઝડપાયો હતો. આ બંનેએ બે સગીરાને ઉઠાવી હતી અને નેપાળ ભાગી જવાની પેરવીમાં હતાં. શહેરમાં રાજકોટના એક વિસ્તારમાંથી વિધર્મી શખ્સ સગીરાનું અપહરણ કરી ગયાની સગીરાની માતાની ફરિયાદ બાદ સગીરા અને શખ્સે આક્ષેપ સાથેનો વીડિયો વાઇરલ કર્યો હતો. બનાવને પગલે પ્ર.નગર પોલીસે માહિતીને આધારે સગીરાનું અપહરણ કરી નાસી જનાર પડધરીના શખ્સ સાથે તેના પિતરાઇ ભાઇને પણ પકડી લઇ બે સગીરાને મુક્ત કરાવી રાજકોટ લાવી બન્નેની ધરપકડ કરી આરોપી સામે પોક્સો સહિતની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું હતું કે રાજકોટના એક વિસ્તારમાંથી સગીરાનુ મુળ પડધરીનો હાલ રાજકોટ રેલનગર શ્રીનાથજી ચોક કર્ણાવતી સ્કૂલ પાસે રમેશભાઇના મકાનમાં ભાડેથી રહેતો શાયર ઉર્ફ સાહિલ સંઘાર અપહરણ કરી ગયો હતો. સગીરાની માતાએ આ અંગે ફરિયાદ કરી હતી. જેમાં તેના સગીરાના મામા સાથે કામ કરતો શખ્સ સાહિલ ઉર્ફ શાયર અવારનવાર ઘેર આવતો હોઇ પરિચય થયો હતો. બાદમાં ઘેરથી નીકળી સગીરાએ હું સાહિલ સાથે ખુશ છું તેવો માતાને ફોનમાં મેસેજ કર્યો હોવાનું જણાવતા પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ વી. આર. વસાવા, પીએસઆઇ આઇ. એ. બેલીમ સહિતે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. એક તરફ પોલીસ સાહિલને શોધી રહી હતી તો બીજી તરફ તે વિડીયો વહેતા કરતો હતો. જેમાં સગીરા પણ પોતે જાતે જ ગયાનું કહેતી હતી. જો કે પ્રધ્યુમનનગર પોલીસની ટીમ પગેરૂ દબાવતી છેક ઉત્તરપ્રદેશના ગોરખપુર નજીક નેપાળ બોર્ડર પાસે પહોંચી હતી અને શાયર ઉર્ફ સાહિલ સંઘારને દબોચી સગીરાને મુક્ત કરાવી હતી.




સાહિલ ઉર્ફ શાયર વિરૂધ્ધ બળાત્કારનો ગુનો પણ નોંધાયો મદદગારી કરનારાની પણ થશે ધરપકડઃ એસીપી રાધીકા ભારાઇ

સાહિલ સાથે તેનો કુટુંબી ભાઇ સમીર સંઘાર પણ હતો. તે બાલાચડીનો વતની છે તેની સાથે થોરાળા વિસ્તારમાંથી ગૂમ થયેલી સગીરા હતી. આ મામલે થોરાળા પોલીસમાં ગુનો નોંધાયો હતો. બંને કુટુંબી ભાઇ એવા સાહિલ ઉર્ફ શાયર અને સમીર સંઘારે રાજકોટની બે સગીરાને ફસાવી હતી અને અપહરણ કરી લીધું હતું. આ બંનેને આ બંને ભાઇઓ નેપાળ તરફ લઇ જવાની પેરવીમાં હતાં. ત્યાં સાહિલના કોઇ સગા રહેતા હોવાની પ્રાથમિક વિગતો મળી છે. અપહરણની સાથે દૂષ્કર્મની કલમ ઉમેરવા તજવીજ થઇ રહી છે. સમીર સંઘારને બી-ડિવીઝન પોલીસને સોંપાયો છે. જ્યારે સાહિલ ઉર્ફ શાયરની પ્રધ્યુમનનગર પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનિય છે કે શાયર ઉર્ફ સાહિલ સગીરાને ભગાડી ગયા પછી તેણે સગીરાની માતા, મામા સહિતના વિરૂધ્ધ આક્ષેપો કરતો વિડીયો વહેતો કર્યો હતો, એટલુ જ નહિ ખુદ સગીરાએ પણ પોતાની માતા વિરૂધ્ધ આક્ષેપો કર્યા હતાં. આ વચ્ચે સાહિલ ઉર્ફ શાયરને એક પ્રેમિકા પણ મિડીયા સામે આવી હતી અને પોતાને પણ શાયરે ફસાવી શોષણ કર્યાના આક્ષેપો કર્યા હતાં.

દરમિયાન તે પંદર વર્ષની સગીરા સાથે નેપાળ બોર્ડરથી પકડાઇ ગયો હતો. એસીપી રાધિકા ભારાઇએ ઘટનાની વિગતો આપતા કહ્યું હતું કે હાલ ભોગ બનનાર બાળાને નારી સુરક્ષા ગૃહમાં મોકલવામાં આવી છે તેમજ મેડીકલ કરાવવામાં આવ્યું છે અને આ ગુનામાં પોક્સો, બળાત્કારની કલમનો ઉમેરો કરાયો છે. સાહિલ ઉર્ફ શાયરને મદદ કરનાર શખ્સની પણ શોધખોળ થઇ રહી છે. આમ પોલીસ એક આરોપીને શોધવા યુપી ગઇ હતી પણ બીજી સગીરાને ભગાડનારો આ આરોપીનો કુટુંબી ભાઇ પણ સાથે સાથે ઝડપાઇ ગયો હતો. આ આરોપીને થોરાળા પોલીસને સોંપાયો હતો.

આ બનાવની તપાસ કરવા અને આરોપીને ગમે ત્યાંથી શોધી કાઢવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇએ સુચના આપતાં પ્રનગરના ઇન્સ્પેક્ટર વી. આર. વસાવા, પીએસઆઇ આઇ. એ. બેલીમ, એએસઆઇ દિનેશભાઇ ખાંભલા, એએસઆઇ શીતલબેન ઝોરા, હેડકોન્સ. જયંતિભાઇ વાવડીયા, કોન્સ. મયુરરાજસિંહ જાડેજા, કોન્સ. ચાંપરાજભાઇ ખવડ, રીયાઝભાઇ ભીપોત્રા, કોન્સ. રવિભાઇ ચાવડા, વનરાજભાઇ બોરીચા, તૌફિકભાઇ મંધરાએ આ કામગીરી કરી હતી.

# ફેશન
# સાલા મૈં તો સાહબ બન ગયા

## બેલબોટમથી ફાટેલા જીન્સ પણ ધોતી-સાડી સદાબહાર









**ફેશન માત્ર શોખ નથી, રૂ.૯ લાખ કરોડનો વિરાટ વ્યવસાય પણ છેઃ ઘણાં માટે ફેશન શોખ, ઘણાં માટે ફેશન ટેન્શન અને ઘણાં માટે ફેશન ફેનફતુરઃ ફાટેલા જીન્સ પહેરવાની ફેશનને ભારત પહોંચતા ૨૦ વર્ષ લાગ્યા, રસપ્રદ ઈતિહાસઃ ફેશનને અનુસરનારા જડતાથી દૂર ગણાય, પણ મનોવિજ્ઞાન કહે છે કે ફેશન પાછળ ઢસડાવવું એ નબળી માનસિકતાનું લક્ષણ છેઃ ઘણી ફેશન હાસ્યાસ્પદ પણ બની હતીઃ નામી ફેશન ડિઝાઈનરોએ આપઘાત કર્યા છેઃ ફેશન બ્રાન્ડના ઢગલાંઃ ફેશનનો રસપ્રદ વાતોનો ખજાનો**

ફેશનેબલ યુવતી કે સ્ત્રી માટે દેશી શબ્દ 'ફેશનની ફટાકડી' શબ્દ વપરાતો હતો. સરસ તૈયાર થવું અને સુંદર દેખાવું એ સ્ત્રીઓનું ક્ષેત્ર ગણાતું હતું બદલાયેલા જમાનામાં ફેશનની ફટકાડીઓ સાથે ફેશનના ફટકાડાઓનો પણ પાર નથી. સમય સાથે બદલાવું એ માણસોનું શ્રેષ્ઠ લક્ષણ માનવામાં આવે છે. ફેશન સાથે રહેવું અને ફેશન સાથે ઢસડાવું બંન્ને અલગ બાબત છે. ફેશનની દૂનિયાના ગણિત,વિજ્ઞાન ભૂગોળ, ઈતિહાસ અને મનોવિજ્ઞાન રસપ્રદ છે. ફેશનની દુનિયાની જાણીતી-અજાણી, રમુજી અને ગંભીર વાતોનો ખજાનો આ ોખમાં ખોલવામાં આવ્યો છે. ફેશન ગમે કે ન ગમે પણ તેને અવગણી શકાય તેમ નથી. કરોડો લોકો આ ક્ષેત્ર સાથે સાથે જોડાયેલા છે. દેશ-દુનિયામાં મહત્વના ક્ષેત્ર તરીકે ફેશન ઉભરો છે. ફેશનમાં ભારત ખૂબ મહત્વના દેશ તરીકે ઉભરી ચુકયો છે.

**ફેશન સમજોઃ**

લેટેસ્ટ કપડાં, સ્ટાઇલીશ બીલ, ટાપટીપ જ ફેશન નથી. ફેશનની વ્યાખ્યા સમગ્ર જીવનશૈલીમાં બદલાવ સાથે જોડાયેલી છે. વાણી-વર્તન, હાલ-ચાલ, સમજ અને વિવેક આ બધા મુદ્દા ફેશનને સ્પર્શે છે. જો કે પોતાને ફેશનેબલ માનવામાં મોટાભાગના બાહ્યદેખાવને ફેશન ગણીને ધબકતા હોય છે. આ ક્ષેત્રે સમજદારીનો વ્યાપક દુષ્કાળ છે. આ કારણે ઘણા ફેશનેબલો હાસ્યસ્પદ બની જતા હોય છે. સમજદારીના અભાવનો લાભ ફેશનક્ષેત્રના વ્યવસાયીઓ ભરપૂર લે છે.

**રૂ.૯ લાખ કરોડઃ**

શુટ-બૂટ-ટાઇ-બાલથી માંડીને ફેશન સાથે જોડાયેલા ક્ષેત્રોના ટર્નઓવર ભારતમાં લાખો કરોડો રૂપિયાના છે. કલ્પનાતીત ઝડપથી આ ક્ષેત્ર અર્થતંત્રમાં સામ્રાજય બનાવી રહ્યું છે. ભારતમાં રેડીમેઇડ ફેશનેબલ વસ્ત્રોની માર્કેટનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૯ લાખ કરોડથી વધારે છે. કૃષિ ક્ષેત્ર બાદ ભારતમાં કાપડ ઉદ્યોગ સૌથી વધારે રોજગારી આપે છે. આ ક્ષેત્રના વિકાસમાં ફેશનનું યોગદાન ૫૦ ટકાથી વધારે છે. ભારતીય અર્થતંત્રના મહત્વના સ્તંભ તરીકે ફેશનક્ષેત્ર ઉભરી ચુકયું છે. આ ક્ષેત્રની અવગણના અશકય છે. વસ્ત્રોના વિશ્વના સૌથી મોટા માર્કેટ તરીકે ભારત ઉભર્યું છે. આ ક્ષેત્રે ચીનનો દબદબો તૂટવામાં છે. ગુજરાતના સુરત શહેરમાં કાપડ ઉદ્યોગ ફુલ્યો-ફાલ્યો છે, તેનાથી વિશ્વ પણ અચંબિત બન્યું છે. ફેશનની અવગણનાથી ભારતને આર્થિક પાપ લાગે તેમ છે.

**ફિલ્મોનો રોલઃ**

ભારતમાં અંગ્રેજોનું આગમન થયું ત્યારે ભારતીઓએ પ્રથમ વખત પેન્ટ-ટી શર્ટ, સ્કર્ટ વગેરે જોયા. ઘણા દેશો પોતાને સુધરેલા દેખાડવા પેન્ટ શર્ટ પહેરવા લાગ્યા હતા. ભારતમાં આઝાદી બાદ ફેશન વહેવાની શરૂઆત થઇ હતી. ફિલ્મોમાં હિરા ભૂમિકા ભજવતા હોય છે, પણ અર્થતંત્રમાં ફિલ્મ જગતે મોટી ભૂમિકા ભજવી હતી. પડદા પરના કલાકારોના વસ્ત્રો અને સ્ટાઇલથી લોકોના મન પર તીવ્ર અસર કરવા લાગ્યા. આ પ્રભાવમાં કલાકારોના પહેરવેશ અને જીવનશૈલી અનુસરવા લાગ્યા. આ રીતે ફેશનનો પ્રવાહ શરૂ થયો હતો.

આજે પણ ફિલ્મ ટીવીના કલાકારો ફેશનના નવા પ્રવાહો સર્જવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. પડદા પાછળ ફેશન જગતના પ્રોફેશનલ્સની ફોજ, મહાકાય ઉદ્યોગકારો અને અબજો રૂપિયા લાગેલા હોય છે. ફેશનમાં લોકો હીરો-હીરોઇનને અનુસરતા હોય છે, પણ વાસ્તવમાં ફેશન જગતમાં હિરો-હિરોઇનની ભૂમિકા રોજમદારથી વિશેષ કંઇ નથી.

**પડદા પાછળ હીરોઃ**

ફિલ્મોના હિરા પડદા પર ભૂમિકા ભજવતા હોય છે, ફેશન જગતના હિરાની ભૂમિકા પડદા પાછળ હોય છે. ફેશન ડિઝાઇનર મુખ્ય હીરા છે. તેઓ ફેશનના પ્રવાહને વહાવે છે. અને પલટાવે છે. ફેશન ક્ષેત્રે દેશ-દુનિયામાં તિવ્રતમ સ્પર્ધા છવાયેલી છે. ફેશનક્રાતિ સર્જનારા ફેશન ડિઝાઇનર કોકો ચેનલ હતા. બાદમાં ક્રિશ્ચીયન ડાયોર, ગુચીઓ ગુચી, રાલ્ફ લોરેન, ડોનાટલા વર્સાચે વગેરેએ વિશ્વમાં ફેશનમાં મહાપ્રવાહો સર્જયા હતા.

ભારતીય નામી ફેશનડિઝાઇનરોમાં સવ્યસાચી મુખરજીએ પરંપરાગત પોશાકની આધુનિક ડિઝાઇન રજૂ કરી હતી. મનીષ મલ્હોત્રાનું નામ ફિલ્મી ડિઝાઇનર તરીકે ઉભર્યુ હતુ. રીતુ કુમાર નામના ડિઝાઇનરે પરંપરાગત પોષાકને ગૌરવ આપતી ડિઝાઇન સર્જી હતી. અનામિકા ખન્ના આધુનિક ડિઝાઇન માટે જાણીતા બન્યા. રોહિત બીલ નામના ડિઝાઇનરે નાટકીય ડિઝાઇન્સ રજૂ કરી હતી. આમાના રીતુ કુમારને પદ્મશ્રી સમ્માન પણ મળ્યું હતું. વર્તમાન સમયમાં અનેક ફેશન ડિઝાઇનર્સ ભારતમાં કાર્યરત છે.

**જિંદગી ઝેરઃ**

ફેશન ડિઝાઇનરની જિંદગી ઝગમગાટવાળી હોય છે. રૂપિયાના ઢગલા, હસ્તીઓ વચ્ચે રએવાનું અને સર્જનાત્મકતા... જો કે પ્રસિધ્ધ ફેશન ડિઝાઇનર્સ માટે ખુદની જિંદગી જ બોજ જેવી લાગવા માંડે છે. અનેક ડિઝાઇનરે આપઘાતો કર્યા છે. અમેરિકાના ફેશન ડિઝાઇનર કેટ સ્પેડે ૨૦૧૮ની સાલમાં આપઘાત કર્યો હતો. બ્રિટનના નામી ફેશન ડિઝાઇનર એલેકઝાન્ડર મેકવીને ૨૦૧૦માં જીવન ટુંકાવ્યું હતું. અમેરિકન ફેશન ડિઝાઇનર લુક રેઈલે ૨૦૧૪માં જીવનનો અંત આણ્યો હતો. ભારતમાં પણ ફેશન ક્ષેત્રે ઘણા આપઘાતો નોંધાયા છે. આ અંગે નિષ્ણાંતો કહે છે કે, નવું આપવાનો તનાવ, ખૂબ મહેનત બાદ સર્જાયેલી ડિઝાઇનની નિષ્ફળતા, લોકોની અપેક્ષા અને ઈન્ડસ્ટ્રીઝના દબાણથી જિંદગી બોજ બની જાય છે.

**તમે ફેશન પાછળ દોડતા રહો છો ?**

દરરોજ કંઇક નવું આપવું ફેશન જગતનો વ્યવસાય છે. ફેશનને શોખ માનનારા લોકો ફેશન પાછળ ઢસડાતા હોય તો મનોવિજ્ઞાન કહે છે કે આવા લોકોને મગજમાં રહેલું ડોપામાઇન કેમિકલ જવાબદાર હોય છે. આ કેમિકલ નવી ફેશન ખરીદવા જોશ પેદા કરે છે. આ ઉપરાંત એન્ડોર્ફિન્સ નામનું કેમિકલ પણ કામ કરે છે. આ કેમિકલના પ્રભાવ માણસો ફેશનેબલ કપડાં પહેરે તો જ તેને આત્મવિશ્વાસ કેળવાય છે. સેરોટોનીન નામનું કેમિકલ એવું કામ ઘણા લોકોમાં કરે છે, જે ફેશન કરે તો જ મૂડમાં રહે છે. આ ત્રણેય માનસિક સ્થિતી મનોવિજ્ઞાન પ્રમાણે રોગ છે. આ માટેનો બેસ્ટ ઈલાજ ધ્યાન છે. ફેશન પ્રત્યે જાગૃત-સમજદાર હોવું અને ઢસડાવું બંને અલગ છે.

મનોવૈજ્ઞાનિકો સ્પષ્ટ કહે છે કે, ઓછી સમજ અને ઓછી જાગૃતિ ધરાવતા લોકો ફેશનમાં ઢસડાતા હોય છે. સેલિબ્રીટીના પ્રભાવથી આવા લોકો ફેશનને અનુસરવા લાગે છે. સોશિયલ મીડિયામાં સમાજમાં પોતાની ઈમેજના દબાણથી ફેશનમાં ઢસડાય છે. જાહેરાતો-માર્કેટીંગ આવા લોકોના દિલો-દિમાગમાં હાવી થઇ જાય છે તેથી ફેશન પાછળ ટીંગાતા હોય છે. ઉપરાંત જે માણસ પાસે પોતાની જીવનશૈલી ન હોય તે અન્યને અનુસરવા ઘાંઘા થતા હોય છે. તમે આમાથી કઇ શ્રેણીમાં આવો છો?

**હાસ્યસ્પદ ફેશનઃ**

ડિઝાઇનરે સર્જેલી ફેશનનું માર્કેટીંગ, બ્રાન્ડિંગ ટનાટન થઇ ગયું હોય, રૂપિયાના રોકાણ થઇ ગયા હોય પણ ફેશનની પોડકાસ્ટનો માર્કેટમાં ફિયાસ્કો થાય. એ ફેશન અપનાવનારા હાસ્યસ્પદ બની જતા હોય છે. આવી ઘટનાઓ ખૂબ બને છે. ૧૯૮૦માં પેગ્ડ પેન્ટ આવ્યા હતા. આ પેન્ટ પગ નીચે અતિ ચૂસ્ત હતા. પહેરનાર ડાગલા લાગતા હતા. હાસ્યસ્પદ બનીને આ ફેશન અદશ્ય થઇ હતી.

૨૦૦૦ની સાલમાં વેલર ટ્રેકસુટસ આવ્યા હતા. જે આરામદાયક અને નરમ હતા, પણ એ સુટસ પહેરેલો માણસ ઘઘા જેવો લાગતો હતો. એ ફેશન રમુજી બનીને અદશ્ય થઇ ગઇ હતી. ૧૯૮૦માં પાવર શોલ્ડર્સ ફેશન આવી હતી. આ વસ્ત્રના ખભા ખૂબ પહોળા હતા. તેની દશા કોમેડિયન જેવી હતી. તમે નવી ફેશન અપનાવો ત્યારે ચેતજો. ઈમેજ જમાવવાના ચકકરમાં કાર્ટુન ન બની જતા.

ભારતમાં સેલિબ્રિટિઝના ફેશન-શો સતત યોજાય છે. આ શો દરમિયાન મોડેલના વસ્ત્રો ઉતરી જાય છે, કેટવોક દરમિયાન મોડેલ પડી જાય, આવા રમૂજી પ્રસંગો બને ત્યારે સમજી લેવું કે મોડેલની નિષ્ફળતા નથી, ફેશનની ડિઝાઇન જ ડલ અને પ્રતિકુળ છે.

**વસ્ત્રો પણ થ્રી-ડીઃ**

ફેશન ક્ષેત્રે સતત નવું આપવામાં ટેકનોલોજીનો પણ ઉપયોગ થાય છે. થ્રી-ડી પ્રિન્ટીંગ ટેકનોલોજીનો ઉપયોગ પણ કાપડમાં થવા લાગ્યો છે. પ્રથમ એક થ્રી-ડી મોડેલ બનાવવામાં આવે છે. જેને CAD સોફટવેર દ્વારા ડિઝાઇન કરવામાં આવે છે. લાંબી પ્રક્રિયા બાદ કાપડ પર થ્રિ-ડી પ્રિન્ટ થાય છે. જો કે આ પધ્ધતિ હજુ વિકસી રહી છે. કાપડ ક્ષેત્રે ઘણી આશાસ્પદ માનવામાં આવે છે.

**બેલબોટમથી ફાટેલા પેન્ટની સફરઃ**

૧૯૭૦ની સાલમાં રીલીઝ થયેલી હિન્દી ફિલ્મોમાં હિરો પર નજર કરજો. ઘુંટણ નીચેથી અતિ પહોળું પેન્ટ પહેરેલું હશે. આ પેન્ટને બેલબોટમ કહેવાતું હતું. બોલીવુડમાં દસ વર્ષ બેલબોટમની ફેશન રહી છે. દેવાનંદ અમિતાભ ઋષિ કપુર, જિતેન્દ્ર સહિતના હીરા બેલબોટમના વાહક હતા. યુવા વર્ગ તેના રવાડે ચડયો હતો. આજે આવા પેન્ટ ભલે હાસ્યાસ્પદ લાગે પણ એ સમયે બેલબોટમની દિવાનગી હતી. મહિલાઓ પણ બેલબોટમ પેન્ટ પહેરતી હતી.

અસંખ્ય ફેશન સતત બદલાતી રહે છે. આજે વિચિત્ર લાગે તેવા ફાટેલા જીન્સ પહેરવાની ફેશન છે. ફાટેલા, ઘસેલા, જર્જરિત કરેલા પેન્ટ પહેરેલા યુવક -યુવતિઓ ખૂબ જોવા મળે છે. એક સમયે ફાટેલા કપડા શરમ હતી આજે તે ગૌરવ છે.

ફાટેલા જીન્સનો ઈતિહાસ મસ્ત છે. પશ્ચિમી દેશોમાં ૧૯૮૦માં ફાટેલા જીન્સની ફેશન આવી હતી. ભારતમાં ૨૦૦૦ની સાલમાં શરૂ થઇ. પણ લોકપ્રિય વર્તમાન સમયમાં થઇ છે. ઘટના આવી બની હતી કે પશ્ચિમી દેશોમા પંક રોક અને ગ્રાંજ સંગીતના ગ્રુપે બળવાખોર માનસિકતા અને વિરોધ દર્શાવવા કલાકારોએ પરંપરા તોડીને શો દરમિયાન પહેરવાના જીન્સ ફાડીને પહેર્યા હતા. શો હીટ ગયો પણ, નારાજગી અને વિરોધના પ્રદર્શન જેવો હતો. વિરોધ કરવા કલાકારોએ ફાડેલા જીન્સ લોકપ્રિય ફેશન બની ગયા. ડિઝાઇનરોએ આ ડિઝાઇન માર્કેટમાં મુકી જે હીટ થઇ ગઇ. ભારતમાં હાલ યુવા પેઢી આધુનિક ફેશન માનીને ફાટેલા જીન્સ પહેરે છે. તે વાસ્તવમાં ૫૦ વર્ષ જૂની છે !

**ફેશનનું આયુષ્યઃ**

ફિલ્મી ગીતો પર નજર કરો. જુના ગીતો આજે પણ લોકપ્રિય છે. એટલે કે જુના ગીતો જુના થતા નથી. નવા ફિલ્મી ગીતો બે-પાંચ દિવસમાં જ ગુજરી જાય છે. ફેશન ક્ષેત્રે પણ આવીસ જ દશા છે. જુની ફેશન આજે પણ લોકપ્રિય છે અને નવી ફેશન આવતી જતી રહે છે. આઝાદી સમયે પેન્ટ-શર્ટ પહેરવા એ ફેશન ગણાતી હતી. આજે સમસ્ત ભારત પેન્ટ-શર્ટ પહેરે છે. આ ફેશનનું આયુષ્ય અતિ લાંબું ગણાય વચ્ચે કેટલી ફેશન જન્મે છે, ગુજરી જાય છે. પણ પેન્ટ-શર્ટ અખંડ છે. આ ફેશન ભારતીયોમાં એટલી બધી વણાઇ ગઇ છેકે, હવે પેન્ટ-શર્ટ ફેશન જેવા લાગતા નથી. ઘણા ભારતીયો પેન્ટ શર્ટ પહેરેલી હાલતમાં પશ્ચિમી સંસ્કૃતિનો વિરોધ કરતા હોય છે.

ફેશનક્ષેત્રના નિષ્ણાંતો કહે છે કે, શરીરને અનૂકુળ હોય અને સમાજમાં શોભે તેવી ફેશન અમર્યાદ આયુષ્ય ધરાવે છે. અન્ય ફેશનો બે-પાંચ વર્ષથી દસ વર્ષમાં આઉટ થઇ જાય છે.

**ધોતી-સાડી અણનમઃ**

નાઇટડ્રેસના યુગમાં લુંગી ડાન્સ ગીત આવ્યું, અને લુંગી માર્કેટમાં ઉછાળો આવી ગયો હતો. ભારતીય પોષાક પરંપરા પર તિવ્ર આક્રમણો થયા પણ પરંપરાગત પોષાકોનું સામ્રાજય અકબંધ છે. ધોતી-સાડીથી માંડીને ભારતભરના પ્રાદેશિક પરંપરાના પોષાકોની માર્કેટના ટર્નઓવર પણ આંખે અંધારા લાવી દે તેવા છે. માત્ર સાડીના સ્ટોર્સ અને માર્કેટ ભારતમાં ધમધમે છે. આ આપણી તાકાત દેખાડે છે. સાડીમાં ડિઝાઇનના વૈવિધ્ય પણ દુનિયાભરના ફેશન ડિઝાઇનર્સને ચકરાવે ચઢાવી દે તેવું છે. ભારતના સમસ્ત કાપડ માર્કેટમાં સાડી-ધોતીનો હિસ્સો ૪૦ ટકા જેટલો અંદાજવામાં આવે છે. ધોતી-સાડીમાં ફેશન લાવવી હોય તો જીન્સના ધોતિયા અને સાડી બનાવવા પડે!



**બ્રાન્ડસના ઢગલાઃ**

રેડિમેઇડ વસ્ત્રોની દુનિયામાં વૈશ્વિક-રાષ્ટ્રીય બ્રાન્ડસના ઢગલા છે. સ્થાનિક બ્રાન્ડસના તો દરિયા ઘૂઘવે છે. જો કે આંક દર્શાવે છે કે બ્રાન્ડેડ કરતા નોન-બ્રાન્ડેડ વસ્ત્રોનું માર્કેટ અનેકગણું મોટું છે. ગુચી,ચેનલ,ડાયોર, પ્રાડા,વર્સાચે, અરમાની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસ છે, જે લકઝરી બ્રાન્ડસ ગણવામાં આવે છે. સ્પોર્ટસવેરમાં નાઇકી,એડીદાસ, પુમા તથા ફાસ્ટ બ્રાન્ડમાં ઝામા, એચ એન એમ, ફોરેવર વગેરે પ્રતિષ્ઠિત છે. ભારતીય બ્રાન્ડસમાં સવ્યસાચી, રીતુ, અનામિકા ફાબ ઈન્ડીયા, વગેરે જાણીતી બ્રાન્ડસ છે. રેડીમેઇડ વસ્ત્રોના વ્યવસાયમાં તમારે તમારી બ્રાન્ડ સાથે વ્યવસાયો પ્રવેશ કરવો ખૂબ સરળ છે. ઘણાં ઉત્પાદકો એવા છે કે પેન્ટ કે શર્ટના ૧૦૦૦ નંગ ખરીદો તો તમારી બ્રાન્ડ સાથે પ્રોડકશન કરી આપે છે. જોખમ લેવામાં ધ્યાન રાખજો. આ વ્યવસાયમાં પ્રવેશ સરળ છે. પણ ટકી રહેવું લોઢાના ચણા ચાવવા જેવું છે.

**સસ્તા જીન્સનું ગણિતઃ**

ભારતની સ્થાનિક માર્કેટમાં જીન્સ ખૂબ સસ્તી કિંમતે ઉપલબ્ધ છે. રાજકોટમાં પણ રૂ.૨૦૦માં નવેનવું મળી જાય છે. સસ્તા હોવાના ઘણા કારણો છે. મહત્વનું કારણ તિવ્ર સ્પર્ધા છે. અન્ય કારણોમાં ભારતમાં ડેનીમનું મોટાપાયે ઉત્પાદન તથા શ્રમ ખર્ચ ઓછો, વિરાટ માર્કેટ, મોટાભાગના સસ્તા જીન્સનું કારણ ઓછી ગુણવત્તા પણ છે. રૂ.૨૦૦માં રીટેઇલમાં વેચાતું હોય તો વિચાર કરો, જથ્થાબંધ ભાવ શું હશે? રૂપિયા આપો તો રૂ.૭૦થી૯૦ માં જીન્સ મળે છે.

**ફેનફતુર !**

મહિલાઓના વસ્ત્રોની ફેશન સતત વિવાદોમાં રહે છે. વસ્ત્રોની ઘણી ડિઝાઇન એવી હોય છે કે તેમાં વસ્ત્ર શોધવું પડે છે ! ફેશનના નામે અશ્લીલ વૃતિનો પાર નથી. ગંદા હૈ લેકીન ધંધા હૈ!

ફેશન અંગે સમાજમાં ખુખ્ય ત્રણ માનસિકતા હોય છે. એક વર્ગ ફેશન પાછળ ઢસડાતો હોય છે. એક વર્ગ એવો છે, તેને ઢસડાવું છે પણ પોસાતું નથી. આવા વર્ગને ફેશનનું ટેન્શન હોય છે. એક વર્ગને આવી ફેશનો ફેન ફતુર જેવો લાગે છે. એટલે કે નકામો . તમે આમા કયા ફીટ થાવ છો ? એક બાબત યાદ રાખજો આ ત્રણેય પ્રવાહ નકામો છે. ફેશન ફેશન સાથે સમજદારી અને વિવેક તથા જરૂરિયાત અને અનુકુળતાથી જોડાવું એ જ બેસ્ટ માર્ગ છે. આ માર્ગે ભીડ ખૂબ ઓછી છે.

ફેશનનો વિરોધ કરવો કે તરફેણ કરવાને બદલે એક માર્ગ એવો પણ છે કે, કમાણીના દષ્ટિકોણથી ધૂબાકો મારી દેવો, ફેશન ડિઝાઇન,માર્કેટીંગ, બિઝનેસ ક્ષેત્રે તકો છે. NIFT થી માંડીને ખાનગી સંસ્થાઓમાં ફેશન સંબંધિત અનેક પ્રકારના અભ્યાસક્રમો પણ છે. છેલ્લે એટલું જ કહેવાનું કે ફેશનેબલ કપડા પહેરો કે ન પહેરો પણ કંઇક જરૂર પહેરજો.

ઘણા સાવ ફાલતું વ્યક્તિત્વ ધરાવતા લોકો ફેશનેબલ બનીને પોતાને મહાન સાબિત કરવા મથતા હોય છે. આવા લોકોએ પોતાની માનસિકતાની ઓળખ કરવા ૧૯૭૪ની સાલમાં રીલીઝ થયેલી 'સગીના' ફિલ્મ જોઇ લેવી. આ ફિલ્મનું ગીત હતુ... 'સાલા મૈં તો સાહબ બન ગયા...'